RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 126 Dt. 29-11-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# પાવર ઈન્ડેક્સમાં ભારત ત્રીજા સ્થાને

## આંતરરાષ્ટ્રીય બાબતો, સુરક્ષા, અર્થતંત્ર અને રાજદ્વારી મુદ્દાઓ માપદંડ




નવીદિલ્હી , તા. ૨૮

દુનિયામાં દરેક મોરચે ભારતનું પ્રભુત્વ વધી રહ્યું છે. અર્થતંત્ર અને વૈશ્વિક પ્રભાવને કારણે વિશ્વ મંચ પર ભારતની પકડ મજબૂત બની રહી છે. આ સંદર્ભમાં, ભારતે વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ માં ભારત ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. આ રેસમાં ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન ભારતથી આગળ છે. ૮૧.૭ અને ૭૩.૭ ના સ્કોર સાથે યુનાઈટેડ સ્ટેટ્સ અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે. ૪૦ ના સ્કોર સાથે ભારત ત્રીજા સ્થાને છે. આ રિપોર્ટ ઓસ્ટ્રેલિયન થિંક ટેન્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સ આંતરરાષ્ટ્રીય બાબતો, સુરક્ષા, અર્થતંત્ર અને રાજદ્વારીમાં એશિયન દેશોની અસરકારકતાને માપે છે. ભારતે તેના સ્કોરમાં ૨% નો વધારો હાંસલ કર્યો છે. રિપોર્ટ અનુસાર, ભારતની શક્તિ સતત વધી રહી છે. ભારત મેજર પાવર કેટેગરીમાં પ્રવેશ્યું છે. ચાલો ભારતની પ્રગતિના કારણો શોધીએ.

કોવિડ-૧૯ રોગચાળા પછી ભારતની અર્થવ્યવસ્થામાં ઝડપથી સુધારો થયો છે. વૈશ્વિક સ્તરે ભારતનો રાજકીય અને રાજદ્વારી પ્રભાવ વધ્યો છે. ભારતે ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. તેની લશ્કરી ક્ષમતાઓ પણ મજબૂત થઈ છે. લોવી ઈન્સ્ટિટ્યૂટના એક અહેવાલ મુજબ, ભારત ભવિષ્યમાં એક મુખ્ય એશિયન શક્તિ તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવી શકે છે. આ સૂચકાંકમાં અન્ય દેશોની વાત કરીએ તો, ૨૦૧૯ પછી રશિયાની સ્થિતિમાં પહેલીવાર સુધારો થયો છે. જાપાન અનેક ક્ષેત્રોમાં નબળું પડ્યું છે, પરંતુ તેની તાકાત સ્થિર રહી છે. દક્ષિણપૂર્વ એશિયાઈ દેશો શક્તિમાં સુધારો કરવાનું ચાલુ રાખે છે. દરમિયાન, ઓસ્ટ્રેલિયાને ભવિષ્યમાં પોતાનું સ્થાન જાળવી રાખવામાં મુશ્કેલી પડી શકે છે. દરમિયાન, ચીન ધીમે ધીમે યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થાન મેળવી રહ્યું છે.

ભારતના કૂદકા પાછળ ઓપરેશન સિંદૂરને એક મુખ્ય કારણ માનવામાં આવે છે. મે ૨૦૨૫ માં પહેલગામ આતંકવાદી હુમલા પછી શરૂ કરાયેલ, ભારતીય સેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ભારતીય વાયુસેના અને મિસાઈલ વિંગે મુખ્ય પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓ પર ઊંડા હુમલા કર્યા, જેનાથી પાકિસ્તાનના લશ્કરી માળખાને નુકસાન થયું. હુમલાઓની તીવ્રતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે પાકિસ્તાનના પોલીસ મહાનિર્દેશક (DGMO) એ તાત્કાલિક ભારતને યુદ્ધવિરામ માટે અપીલ કરવી પડી.

ભારતની સ્થિતિ માત્ર લશ્કરી ક્ષેત્રમાં જ નહીં પરંતુ આર્થિક મોરચે પણ મજબૂત થઈ છે. અહેવાલો દર્શાવે છે કે ભારત હવે વિદેશી રોકાણ માટે વિશ્વનું બીજું સૌથી આકર્ષક સ્થળ બની ગયું છે - યુનાઈટેડ સ્ટેટ્સ પછી. ચીનની આર્થિક અનિશ્ચિતતા, મોંઘા ઉત્પાદન અને ભૂ-રાજકીય તણાવ વચ્ચે, વૈશ્વિક કંપનીઓ વધુને વધુ ભારત તરફ વળી રહી છે. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે, અને ૨૦૧૮ પછી આર્થિક રેન્કિંગમાં આ ભારતની સૌથી મોટી પ્રગતિ માનવામાં આવે છે.

# જૈશ-એ-મોહમ્મદના ગુપ્તસ્થાનોનો પર્દાફાશ

## જમ્મુ કાશ્મીર પોલીસે શરૂ કર્યું સર્ચ ઓપરેશન

## હેન્ડ ગ્રેનેડ, ડેટોનેટર અને વિસ્ફોટકો કર્યા જપ્ત

નવીદિલ્હી, તા. ૨૮

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી નેટવર્ક સામે મોટી સફળતા મળી છે. અવંતિપોરા પોલીસે સુરક્ષા દળો સાથે મળીને પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો. આતંકવાદીઓને ટેકો આપનાર એક આતંકવાદી સહયોગીની પણ ધરપકડ કરવામાં આવી. નાનેર મિદુરામાં આતંકવાદીઓની હાજરી અંગે વિશ્વસનીય માહિતીના આધારે, અવંતિપોરા પોલીસે ૪૨ છછ અને ૧૮૦ ઈગ CRPF સાથે મળીને આ વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. શોધખોળ દરમિયાન, ઉંયખ સાથે સંકળાયેલા એક આતંકવાદી સહયોગીની ધરપકડ કરવામાં આવી, જેની ઓળખ નઝીર અહમદ ગનાઈ, પુત્ર અબ્દુલ અઝીઝ ગનાઈ અને રહેવાસી ગનાઈ મોહલ્લા નાનેર તરીકે થઈ છે. સતત પૂછપરછ અને ખુલાસા બાદ, આરોપીના બગીચાઓમાં છુપાવાનું સ્થળ શોધી કાઢવામાં આવ્યું અને ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી. સુરક્ષા દળોએ આરોપીના ઠેકાણામાંથી બે હેન્ડ ગ્રેનેડ, એક ડેટોનેટર અને અન્ય વિસ્ફોટકો જપ્ત કર્યા, જે વધુ તપાસ માટે જપ્ત કરવામાં આવ્યા છે.

ધરપકડ કરાયેલ આતંકવાદી સહયોગી અવંતીપોરા પોલીસ જિલ્લાના ત્રાલ અને અવંતીપોરા વિસ્તારોમાં કાર્યરત જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓને લોજિસ્ટિક સપોર્ટ અને હથિયારો અને દારૂગોળો પૂરો પાડવામાં સક્રિય રીતે




સામેલ હતો. તે મુજબ, અવંતીપોરા પોલીસ સ્ટેશનમાં કાયદાની સંબંધિત કલમો હેઠળ FIR નંબર ૨૫૭/૨૦૨૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતુ કે ધરપકડ કરાયેલ આરોપી ત્રાલ અને અવંતીપોરા વિસ્તારોમાં કાર્યરત જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓને લોજિસ્ટિક સપોર્ટ અને હથિયારો અને દારૂગોળો પૂરો પાડવામાં સક્રિય રીતે સામેલ હતો. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદીઓની હાજરી વિશે વિશ્વસનીય માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ જિલ્લાના નાનેર મિદુરા વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે સર્ચ દરમિયાન, જૈશ-એ-મોહમ્મદના સહયોગી અને મોહલ્લા નાનેરના રહેવાસી નઝીર અહમદ ગણાઈની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે સતત પૂછપરછ દરમિયાન થયેલા ખુલાસાના આધારે, આતંકવાદીઓના એક ઠેકાણાની ઓળખ કરવામાં આવી હતી. બસંતગઢ પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતા ઘૂસણખોરી માર્ગ પર સ્થિત છે. આ આતંકવાદીઓ આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને કઠુઆમાં પ્રવેશ કરે છે અને જમ્મુ ક્ષેત્રના ઉપરના ભાગોમાંથી ડોડા અને કિશ્તવાડ જિલ્લાઓ તરફ જાય છે, ત્યારબાદ તેઓ કાશ્મીર ખીણ તરફ આગળ વધે છે. આ વિસ્તારમાં ભૂતકાળમાં અનેક એન્કાઉન્ટર અને આતંકવાદી ઘટનાઓ જોવા મળી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બલોથા વિસ્તારમાં ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલની માહિતી મળ્યા બાદ સેના, પોલીસ અને સીઆરપીએફએ સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું.

# ભાજપ સમર્થકોના ફોર્મ ભરાવવાનો મેસેજ વાયરલ

## વોર્ડ ૭ના કમિટેડ વોટરના ફોર્મ અંગે યોગ્ય વ્યવસ્થા કરવા કાર્યકર્તાઓને સૂચના આપતા મેસેજે રાજકારણ ગરમાવ્યું


Forwarded
વોર્ડ નંબર 7
ખાસ અગત્ય ની સૂચના
SIR સુચના

SIR ખાસ કેમ્પ અંતર્ગત

આગામી તા. 29/30 શનિવાર સમય 12.00 થી 5.00 / રવિવાર 10.00 થી 5.00 ના દરેક બુથમાં BLO ની સ્પેશિયલ ડ્રાઇવ હોય.. જેમાં વિતરણ થય ગયેલા ફકત સમર્થક ના જ ફોર્મ પરત ભરાઇ ને આવે તે વ્યવસ્થા અને કોઇ સમર્થક ને ફોર્મ બાકી હોય તે વ્યવસ્થા કરવી.. વોર્ડ નંબર 7 ના દરેક બુથ ના BLOબુથ પ્રમુખશ્રી તેમજ કાર્યકર્તા ભાઈઓ તથા બહેનોએ પોતપોતાના બુથ માં સરકારી BLO સાથે ઉપસ્થિત રહેવાનું છે.

તારીખ:29/11/2025 શનિવાર
સમય: બપોરે 12:00 થી સાંજે 05:00
તારીખ:30/11/2025 રવિવાર
સમય: સવારે 10:00 થી સાંજે 5: 00
સ્થળ: પોતપોતાના બુથ કેન્દ્ર પર..

- પ્રભારી:- શૈલેષભાઈ હાપલીયા
- પ્રમુખ :- વિશાલભાઈમાંડલિયા
- મહામંત્રી:-દિપકભાઈ પારેખ
- મહામંત્રી :- પાર્થ રાજ સિંહ ચૌહાણ
- ઇન્ચાર્જ :- કૌશિકભાઇ ચાવડા



રાજકોટ, તા. ૨૮

સમગ્ર રાજ્યમાં હાલ મતદાર સુધારણા ની કામગીરી ચાલી રહી છે અને બીએલઓ ઉપર થતા અત્યાચારો અને હેરાનગતિના મુદ્દાઓ પણ હાલ પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે આ કામગીરી ઝડપભેર આટોપી લેવામાં આવે તે માટે ખાસ ઝુંબેશ અને મેગા ડ્રાઈવ નું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે મતદાર સુધારણા ની કામગીરી વધુ સરળ બને તે માટે આજ અને કાલ બે દિવસ ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે પરંતુ ચર્ચાસ્પદ વાત એ છે કે હાલ ભાજપના જ એક ગ્રુપમાં પક્ષના સમર્થક મતદારોના ફોર્મ જમા કરવાની વાતનો મેસેજ વાયરલ થયો છે ત્યારે આ વાત કેટલી સાચી કે ખોટી તે અંગે હજી સુધી કોઈ પુષ્ટિ થઈ નથી પરંતુ રાજકારણ ચોક્કસ ગરમાયું છે. આજથી બે દિવસ જુદા જુદા વોર્ડમાં તા.૨૯ અને ૩૦ના રોજ બીએલઓની સ્પેશ્યલ ડ્રાઈવ દરેક બુથ પર રાખવામાં આવી છે.

આ બાબતે કોંગ્રેસને જાણ થતા જ તેઓએ આક્ષેપ લગાવ્યો હતો અને ચીમકી પણ ઉચ્ચારી હતી કે હાલ ભાજપ સત્તામાં આવવા માટે ષડયંત્ર અને વિપક્ષને ખતમ કરવા માટે આ પ્રકારની કામગીરી કરી રહ્યું છે. એટલું જ નહીં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કોંગ્રેસ તરફથી જેમાં ભાજપના જે કમિટેડ વોટર અને જે સમર્થકો છે તેમના નામ કમી ન થાય તે માટે બીએલઓ સાથે ભાજપના નક્કી કરાયેલા કાર્યકરો સાથે રહેશે તેવું પણ આક્ષેપ કરી જણાવ્યું છે. વિપક્ષના જે વોટર છે એમના નામ કમી કરી માત્ર ભાજપના મતદારો રહે અને વન સાઈડ જીત થાય એ હેતુથી ભારતીય જનતા પાર્ટી વોર્ડ વાઇઝ બીએલઓ સમકક્ષ કાર્યકરોની ટીમ બનાવી વોર્ડમાં સરકારના વિરોધી મતદારોને પકડી પકડી કમી કરાવવા, ભાજપના સમર્થકના નામ જરા પણ કમી ન થાય તે પ્રકારે કામ કરવાના હોય તેવું લાગે છે.

નામ કમી ન કરવાની ભલામણો અધિકારીઓને કાર્યકરો કરતા રહે છે. આવું અનેકવાર ધ્યાનમાં આવ્યુ છે સરકારી કર્મચારી તેમાં મદદ કરશે તો કોંગ્રેસ કોર્ટમાં જશે. કોંગ્રેસ આ કામગીરી બાદ જાતે ખરાઈ કરવાની છે. જેની અધિકારીઓએ પણ નોંધ લેવા જણાવ્યું છે. એક ગ્રુપનો મેસેજ તેઓએ મુકીને માત્ર ભાજપના સમર્થકોના ફોર્મ ભરવાની કામગીરીમાં કાર્યકરોને પોતપોતાના બુથ કેન્દ્રોમાં સક્રિય રહેવા સુચના આપ્યાનું પણ જણાવ્યું હતું. આ બાબતે કોંગ્રેસે પણ ચિમ્પિક ઉચ્ચારી છે કે જ્યારે ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પ્રસિદ્ધ થશે તેમાં બુથ વાઈસ તપાસ કરવામાં આવશે અને જો એક બૂથમાં બે નામ પણ સામે આવ્યા તો પણ ભાજપ સામે કોંગ્રેસ કોર્ટમાં જશે.



# વહીવટને સરળ સુગમ બનાવવો

## કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી ટી.વી.સોમનાથનની ચિંતન શિબિરમાં હાજરી : આર્થિક વિકાસ અને સુશાસનની વ્યૂહરચનાઓ પર માર્ગદર્શન





રાજકોટ, તા. ૨૮
રાજ્ય સરકાર દ્વારા ધરમપુરના શ્રીમદ્દ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી ૧૨મી 'ચિંતન શિબિર-૨૦૨૫'ના દ્વિતીય દિવસે ભારતના આર્થિક વિકાસ અને સરકાર દ્વારા સુશાસનની વ્યૂહરચનાઓ પર માર્ગદર્શન આપતા કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી શ્રી ટી.વી.સોમનાથને જણાવ્યું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજા કેન્દ્રી બનાવે છે. એક તરફ ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે અધિકારીઓ નિયમ અને પ્રક્રિયાઓનું પાલન સુનિશ્ચિત કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ઉચ્ચ અધિકારીઓએ તેમના જ્ઞાનવર્ધક સેશનને માણ્યું હતું. ટી.વી.સોમનાથને વધુમાં કહ્યું કે, દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રના રૂપે આગળ ધપાવવાના ધ્યેય સાથે કેન્દ્ર સરકાર આર્થિક વિકાસ, ઉદ્યોગોને પ્રોત્સાહનની નીતિ, સરળ વ્યાપારી માહોલ અને ગુડ ગવર્નન્સ તરફ વધુ સક્રિય પગલાં ભરી રહી છે. ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપના ઉદ્યમીઓને ઘણીવાર ટેક્સ વિભાગો દ્વારા બિનજરૂરી હેરાનગતિ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્તરે આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે નીતિગત પ્રયત્નો ચાલી રહ્યા છે.

ભારત વિકાસની યોગ્ય નીતિઓ, સુધારેલી શાસનવ્યવસ્થા અને ચૂંટાયેલી પાંખ તથા વહીવટી તંત્ર વચ્ચેના ગાઢ સમન્વયથી ભારત ૨૦૪૭ સુધી વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય ચોક્કસ હાંસલ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ મજબૂત છે, મોંઘવારી નિયંત્રણમાં છે. રોજગાર સર્જનમાં વૃદ્ધિ થઈ રહી છે અને રાજકોષીય સ્થિતિ સ્થિર છે જે સર્વાંગી વિકાસ માટે શુભ સંકેત છે. છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં કરોડો લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે.નાગરિક સુખાકારી આધારિત નીતિઓ, નાણાકીય વ્યવસ્થાપણ, પી.એમ. આવાસો જેવા સસ્તા ઘર, સ્વચ્છતા અભિયાન અને સામાજિક સુરક્ષા યોજનાઓના પરિણામો છે.

દેશમાં અનેકવિધ ઈંઈંઝ, ઈંઈંખ, મેડિકલ અને નર્સિંગ કોલેજોની સ્થાપનાએ નવયુવાનો માટે રોજગારી અને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ ઊભી કરવાના અપાર અવસરો ઊભા કર્યા છે, જે આગામી દાયકાઓ માટે વિકાસનો મજબૂત પાયો સાબિત થશે. ગુજરાત સરકારની ચિંતન શિબિરની પહેલ અનુકરણીય છે, જેમાં મંત્રીગણ, વરિષ્ઠ અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા વિચારો, માર્ગદર્શન દેશમાં નીતિ-નિર્માણ અને વહીવટી સુધારાઓ માટે દિશાદર્શક સાબિત થશે એમ જણાવી મુખ્યમંત્રી સહિત તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.



# શિવરાજપુર બીચની ૧૩ લાખ સહેલાણીઓએ લીધી મુલાકાત

## બીચ બ્લુ ફ્લેગની યાદીમાં : સ્વચ્છ પાણી અને સ્કુબા ડાઈવિંગ માટે લોકપ્રિય સ્થળ

રાજકોટ, તા. ૨૮
કૃષ્ણની નગરી દ્વારકાથી ૧૨ કિલોમીટરના અંતરે સ્થિત શિવરાજપુર દરિયાકિનારો તેની વિશેષતાઓના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યો છે અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪માં ૧૩ લાખ ૫૮ હજારથી વધુ પ્રવાસીઓએ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાત લીધી છે. આ રીતે સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપીને ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે અને રાજ્યના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ અનુસાર, વર્ષ ૨૦૨૩માં ૬,૭૮,૬૪૭ અને ૨૦૨૪માં ૬,૮૦,૩૨૫ પ્રવાસીઓ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાતે આવ્યા હતાં. ૨૦૨૦માં બ્લૂ ફ્લેગ બીચ સર્ટિફિકેશન મળ્યા બાદ શિવરાજપુર બીચ ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં સામેલ થયો છે. પાણીની ગુણવત્તા, પર્યાવરણની જાળવણી, સુરક્ષા અને સેવાઓને આવરી લેતા ૩૨ માપદંડોના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે. અહીં સ્કુબા ડાઈવિંગ, બોટિંગ અને સ્કિઈંગ જેવી સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓની સુવિધા પણ ઉપલબ્ધ છે.

શિવરાજપુરની સફળથા 'દેખો અપના દેશ' પહેલ સાથે સુસંગત છે. આ પહેલની શરૂઆત જાન્યુઆરી ૨૦૨૦માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય પાંચ શ્રેણીઓ અંતર્ગત સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે. આ પાંચ શ્રેણીઓ છેઃ આધ્યાત્મિક, સંસ્કૃતિ અને વારસો, પ્રકૃતિ અને વન્યજીવન, એડવેન્ચર અને અન્ય. દેશવ્યાપી આ અભિયાનને આગળ લઇ જવામાં શિવરાજપુર દરિયાકિનારાનું મહત્વપૂર્ણ યોગદાન છે.

આ વિસ્તારમાં પ્રવાસન અને સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે અમુક મોટી પહેલો પણ હાથ ધરી છે. ક્ષેત્ર વિશિષ્ટ રોકાણ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કોન્ફરન્સની બીજી આવૃત્તિ ૮-૯ જાન્યુઆરીએ રાજકોટમાં યોજાશે જે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર પર કેન્દ્રિત છે. આ કોન્ફરન્સમાં શિવરાજપુર જેવા પ્રવાસન આકર્ષણોને ઉજાગર કરવામાં આવશે જે દર્શાવે છે કે પ્રાકૃતિક સંસાધનો અને સાંસ્કૃતિક વારસાનો આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરીને રાજ્ય વિકાસ વિકસિત ગુજરાત૨૦૪૭ તરફ અગ્રેસર છે.

# મેટોડા GIDCમાં તસ્કરોના પરોણા : ૬ લાખ ઉસેડી ગયા

## તસ્કરોએ કંપનીમાં બુધવારની રજાનો લાભ લઈને આરામથી કરી ચોરી



રાજકોટ, તા.૨૮
મેટોડા જીઆઈડીસી ગેટ નંબર-૨, પ્લોટ નંબર જી-૧૯૩૫/૩ માં લેક્સમો પોલીટેક્સ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં ખાબકેલા તસ્કરો છ લાખ રોકડ સહિત ૬,૧૬,૫૦૦ની મત્તા ઉસેડી ગયાની મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોના સગડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

અમીન માર્ગ પર રહેતા દીપકભાઈ મોહનભાઈ ઘેડિયાએ મેટોડા પોલીસ સ્ટેશનમાં, પોતાની કંપનીમાંથ ૬.૧૬ લાખની ચોરી કરી ગયાની અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી છે. મેટોડા જીઆઈડીસી ગેટ-૨, પ્લોટ નંબર જી-૧૯૩૫/૩માં પોલીફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ નામે ૨૦૦૫થી કંપની ધરાવે છે. તેમની કંપનીમાં એગ્રીકલ્ચરના એલડીપી પ્લાસ્ટિકના પાઈપ બનાવવાનું કામકાજ થાય છે. તેમજ ૨૪ કલાક કર્મચારીઓ કામ કરે છે. જેમાં મોટા ભાગના પરપ્રાંતીય મજૂરો છે. બે શિફ્ટમાં ૨૪ કલાક કંપની ચાલુ હોય છે. તેમજ બુધવારના દિવસે રજા રાખવામાં આવે છે. ફરિયાદીએ ફરિયાદમાં વધુ જણાવ્યું છે કે પોતાની કંપનીમાં આવતા જતા ટ્રક કે અન્ય ભાડાના ચૂકવવાના અને મેન્ટેનન્સના પરચુરણ ખર્ચ માટે રોકડ રૂપિયા રાખવા પડતા હોવાથી કંપનીના એકાઉન્ટની ઓફિસમાં રાખીએ છીએ ૨૫ ૧૧ ના રોજ રૂ. ૬ લાખ ૫૦૦ તેમની કંપનીના એકાઉન્ટની ઓફિસના ટેબલમાં રાખ્યા હતા. ૨૬ ના રોજ કંપનીમાં બુધવારની રજા હોવાથી કંપની બંધ હતી અને ડીવીઆર થોડા સમયથી ખરાબ થઈ જતા સીસીટીવી કેમેરા બંધ હતા.

૨૭મી ના રોજ સવારના સાતેક વાગે અરસામાં પોતે ઘરે હતા ત્યારે તેમની કંપનીના મશીન ઓપરેટર અવધેશભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે કંપનીમાં ચોરી થઈ છે. જેથી તેમણે સ્ટાફના મનીષભાઈને ફોન કરી તાત્કાલિક કંપનીએ પહોંચવા જણાવ્યું હતું. તેઓ પણ પોતાના ઘરેથી કંપનીએ આવી ગયા હતા.

કંપની પર આવીને તપાસ કરતા ઓફિસનો સામાન અસ્થિ વ્યસ્ત પડ્યો હતો. તેમજ પ્લોટમાંથી ઓફિસમાં આવવાના દરવાજાનો લોક તૂટેલો જોવા મળ્યો હતો. એકાઉન્ટની ઓફિસના ટેબલમાં લોક તૂટેલો હતો અને તેમાં રાખેલા રોકડા રોકડ ૬, ૦૫, ૦૦૦ જોવા મળ્યા નહોતા. એ સિવાય તેમની ઓફિસની આગળના ભાગે એડમિનિસ્ટ્રેશન એરિયામાં રાખેલા કંપનીના બે મોબાઈલ પણ જોવા મળ્યા ન હતા. આમ તસ્કરો છ લાખ રૂપિયા રોકડ તેમજ ૧૬ હજારના બે મોબાઈલ મળી કુલ રૂપિયા ૬,૧૬,૫૦૦ ની મત્તા ચોરી કરી ગયાની જીઆઈડીસી મેટોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોની શોધખોળ આદરી છે.

# પદ્મશ્રી ડો.પંકજ શાહની મુલાકાત લેતા હોટલ સંચાલકો

## કેન્સર અને રક્ત રોગો સામે લડતા હજારો પરિવારો માટે તેઓ આશાનું કિરણ



રાજકોટ, તા.૨૮
કેન્સર અને રક્ત રોગો સામે લડી રહેલા હજારો પરિવારો માટે ડો.પંકજ શાહે સમયાંતરે ઉત્કૃષ્ટ કાર્ય કરી રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત કર્યા છે. ગુજરાતના જાણીતા સિદ્ધિવિનાયક ઉદ્યોગપતિ અને હોટલ કે.કે અને ૧કે. કરન્ચી રિપબ્લિક એન્ડ શ્રીગણપતિ મંદિર'ના ટ્રસ્ટી કિરીટભાઈ કુંડલીયા અને કાર્તિકભાઈ(રાજા) કુંડલીયાએ પદ્મશ્રી અને ઝાયડસ હોસ્પિટલના વાઈસ પ્રેસિડન્ટ અને એમ.ડી ડો. પંકજ શાહની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ત્રણેય મહાનુભાવો વચ્ચે સામાજિક તેમજ 'આરોગ્યલક્ષી અને સેવાકીય પ્રવૃત્તિઓ અંગે ચર્ચા થઈ હતી.

રાજકોટમાં પણ ૩૦૦ બેડની ઝાયડસ હોસ્પિટલ બનાવવાનું સ્વપન સેવાયું હોવાનું કહેવાય છે. કિરીટભાઈ કુંડલીયા અને કાર્તિકભાઈ(રાજા) કુંડલીયા એ ડો. શાહને તેમના આરોગ્ય ક્ષેત્રે અપાર યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ભવિષ્યના કાર્યો માટે શુભેચ્છાઓ આપી હતી. ડો. પંકજ શાહ એક અગ્રણી સિનિયર મેડિકલ ઓન્કોલોજીક હેમેટોલોજિસ્ટ છે. તેઓ કેન્સર હોસ્પિટલના મજબૂતસ્તંભ ગણાય છે. અને આ ક્ષેત્રમાં વર્ષોનો વ્યાપક અનુભવ ધરાવે છે. તેઓ કેન્સર અને રક્ત રોગો સામે લડી રહેલા હજારો પરિવારો માટે એક વિશ્વસનીય નામ મનાય છે.ડો. શાહને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો મળ્યા છે.

# ગોવામાં શ્રી રામની મૂર્તિનું અનાવરણ

## વડાપ્રધાને કહ્યું , રામ પ્રત્યેની ભક્તિનો બાંધ મજબૂત થયો છે



નવીદિલ્હી, તા. ૨૮
ગોવામાં એક ઐતિહાસિક ક્ષણ જોવા મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીયુક્ત ગોકર્ણ જીનૌત્તમ મઠ ખાતે ભગવાન રામની ૭૭ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રતિમા, જે ફક્ત તેની ઊંચાઈ માટે જ નહીં પરંતુ તેની ઉત્કૃષ્ટ કારીગરી માટે પણ પ્રખ્યાત છે, તે વિશ્વ વિખ્યાત શિલ્પકાર રામ સુતાર દ્વારા બનાવવામાં આવી હતી, જેમણે અગાઉ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું હતું. ૫૫૦ વર્ષ જૂની પરંપરા મઠ પરિસરમાં ખૂબ જ ઉત્સાહ અને ભક્તિ સાથે ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગને ઉજવવા માટે દરરોજ હજારો ભક્તો મઠની મુલાકાત લઈ રહ્યા છે. પીએમ મોદીએ ભગવાન રામની આ ભવ્ય પ્રતિમાનું અનાવરણ જ કર્યું નહીં પરંતુ ભારતના સમૃદ્ધ ધાર્મિક વારસાને યાદ કરીને કર્ણાટકના ઉડુપીમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લીધો.

મઠની ૫૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અહીં સ્થાપિત ભગવાન રામની ૭૭ ફૂટ ઊંચી પ્રતિમા શ્રદ્ધા અને પરંપરાનું એક નોંધપાત્ર પ્રતીક છે. તેમણે યાદ કર્યું કે માત્ર ત્રણ દિવસ પહેલા જ તેમને અયોધ્યામાં રામ મંદિરની ટોચ પર ધર્મ ધ્વજ ફરકાવવાનો લહાવો મળ્યો હતો. પીએમએ કહ્યું કે આ તેમના જીવનનો ખૂબ જ ભાવનાત્મક ક્ષણ હતો અને દેશભરમાં રામ પ્રત્યેની ભક્તિના બંધનો સતત મજબૂત થઈ રહ્યા છે. મઠ પરંપરાની ૫૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ૨૭ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મઠ સંકુલ આશરે ૩૭૦ વર્ષ પહેલાં ગોવાના પાર્ટગલના ગામ કાનાકોનામાં બનાવવામાં આવ્યું હતું. આ દિવસોમાં, દરરોજ ૭,૦૦૦ થી ૧૦,૦૦૦ લોકો મઠ સંકુલની મુલાકાત લે તેવી અપેક્ષા છે.

# દારૂબંધીનો કડક અમલ કરો: કોંગ્રેસ

## કોંગ્રેસની દારૂ-જુગારના અડ્ડા બંધ કરાવવાની માંગણી : કલેક્ટર-પોલીસ કમિશનરને રજૂઆત

રાજકોટ, તા. ૨૮

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં દારૂ જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. ત્યારે તેને બંધ કરાવવાની માંગણી કોંગ્રેસ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવી છે જે મામલે પરેશ ધાનાણી સહિતના રાજકીય આગેવાનો દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી અને ત્યારબાદ ગઈકાલે શહેર કોંગ્રેસ દ્વારા કલેક્ટર તથા પોલીસ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને આ દૂષણને ડામવા માટેની રજૂઆત કરવામાં આવી હતી. રાજયમાં દારૂ-જુગારના અડ્ડા બંધ કરાવવાની માંગણી ઉઠાવી કોંગ્રેસ દ્વારા આ મામલે કલેકટર તંત્ર તથા પોલીસ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા, પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, શહેર મહિલા પ્રમુખ દીપ્તિબેન સોલંકી રણજીત મુંધવા સહિતના કોંગી આગેવાનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. ગુજરાતમાં નશાખોરીને નાથવા સ્થાપનાકાળથી જ તત્કાલીન સરકારએ કડક કાયદાકીય જોગવાઈઓ કરી હતી. ગુજરાતમાં દારૂ-ડ્રગ્સની બદીને લીધે યુવાનો નશાખોરીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. ગુજરાત દારૂ-ડ્રગ્સનું પ્રવેશ દ્વાર તો બન્યું જ છે.

પરંતુ હવે નશાખોરીનું એપી સેન્ટર બની રહ્યું છે તે અત્યંત ચિંતાજનક બાબત છે. ગુજરાતમાં કરોડો રૂપિયાના ડ્રગ્સનો કારોબાર અને હેરાફેરી થઈ રહી છે. મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે છતા પણ સરળતાથી દારૂ મળી જાય છે. જેટલો દારૂનો જથ્થો પકડાય છે તેના કરતા સો ઘણી ઘૂસણખોરી થાય છે. રાજયમાં દારૂ પકડાવવો એ સામાન્ય બાબત થઈ ગઈ છે. હવે ગુજરાતનો દરિયો કિનારો અને મેટ્રો સિટીમાં ચરસ, ડ્રગ્સ અને ગાંજા જેવા નસીલા પદાર્થોનું ચલણ વધ્યું છે.

સામાન્ય બાબત બની રહી છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપનું એકહથ્થુ શાસન છે. ગુજરાતમાં દારૂ - ડ્રગ્સ બંધી નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડયું છે. સાથો સાથ ગુજરાતમાં આ કાયદાનો કડક અમલ કરવા અને મહિલા સુરક્ષા માટે પગલા લેવા તેઓએ માંગણી કરી છે. આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા અંગે હજુ પણ રજૂઆતો કરવામાં આવશે કારણ કે કાયદા વ્યવસ્થાની સ્થિતિ કથળી ચૂકી છે.



# નવી DEO કચેરીની વહીવટી પ્રક્રિયા શરૂ

## ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીની કલેકટર સમક્ષ દરખાસ્ત નવી ભરતી સાથેનું મહેકમ ફાળવવામાં આવે તેવી સંભાવના



રાજકોટ, તા. ૨૮

રાજ્ય સરકાર દ્વારા દરેક સરકારી વિભાગનો વહીવટ સરળ અને શુદ્રઢ બને તે દિશામાં પગલાં લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં હાલ જે કામનું ભારણ વધી રહ્યું છે તેને કેવી રીતે કાબુમાં લાવવું તે પણ રાજ્ય સરકાર માટે અત્યંત ચિંતા નો વિષય બન્યો છે. તો સામે દરેક સરકારી વિભાગોમાં અપૂરતા સ્ટાફ ના કારણે જે કામગીરી ઝડપથી થવી જોઈએ તે ખાસો લાંબો સમય લાગે છે છતાં પૂર્ણ થાય ન થાય તે બીજી બાબત છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હાલ શિક્ષણ ક્ષેત્ર માટે એક નિર્ણય લેવામાં આવ્યો જેમાં રાજકોટને વધુ એક જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી મંજૂર કરવામાં આવી છે પરંતુ હજુ સુધી એ સ્પષ્ટતા થઈ નથી કે આ કચેરી કેવી રીતે કાર્યરત થશે મળતી માહિતી મુજબ હાલ છે ચર્ચા નો વિષય છે તે એ છે કે હાલ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી જે કાર્યરત છે તેમાં પણ અપૂરતો સ્ટાફ છે ત્યારે નવી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી નિર્માણ પામે તો સ્ટાફની ભરતી ક્યારે કરવામાં આવશે અને જો સ્ટાફની ભરતી હાલ કરવામાં ન આવે તો હંગામી ધોરણે પ્રવર્તમાં જ ડીઈઓ કચેરીના જ કર્મચારીઓ આ કામગીરી સંભાળશે કે કેમ તે અંગે હજી સ્પષ્ટતા થઈ નથી. ત્યારે ગઈકાલે રાજકોટમાં આ અંગે વહીવટી પ્રક્રિયા નો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વ્યવસ્થાના વિકેન્દ્રીકરણ અને સરળ વહીવટ માટે રાજકોટ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સ્વતંત્ર જિલ્લા કક્ષાની શિક્ષણ કચેરી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ અંગે મળતી માહિતી મુજબ, રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જિલ્લા કલેક્ટર સમક્ષ નવી કચેરી શરૂ કરવા અંગેની સત્તાવાર દરખાસ્ત રજૂ કરી છે. આ દરખાસ્તમાં શિક્ષણ અધિકારીએ કલેક્ટર તંત્રને વિનંતી કરી છે કે નવી કચેરીના નિર્માણ અથવા સંચાલન માટે યોગ્ય સ્થળની ફાળવણી વહેલી તકે કરવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા મંજૂરી મળ્યા બાદ હવે જમીન અથવા બિલ્ડિંગની ફાળવણી થયા પછી જ આગળની કાર્યવાહી શક્ય બનશે. તેથી આ મામલે ત્વરિત નિર્ણય લેવા અને જગ્યા ફાળવવા માટે કલેક્ટર સમક્ષ રજૂઆત કરી છે. ત્યારે હવે બોર્ડ પરીક્ષા ને પણ ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે જેથી નવી કચેરી જો શરૂ કરવામાં આવે તો સર્વ પ્રથમ મુદ્દો તો મેકમનો જ રહેશે પરંતુ જિલ્લા શિક્ષણ અધિકારી કે હાલ જેવો ઇન્ચાર્જમાં છે તેવા દીક્ષિત પટેલે રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જે પરીક્ષા લેવાય તેમાં ઘણાખરા ક્લર્કોની ભરતી થઈ છે જેથી શક્ય છે કે નવી કચેરીમાં એ તમામ નવી ભરતીઓને સ્થાન આપવામાં આવે પરંતુ આ કાર્ય ક્યારે શરૂ થશે કેવી રીતે શરૂ થશે તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ શકશે નહીં. સાથોસાથ તેઓએ આશાવાદી વલણ દાખવતા જણાવ્યું હતું કે બોર્ડ પરીક્ષાની તૈયારીઓ અંતર્ગત જો સરકાર નવી કચેરી શરૂ કરવા માંગતી હોય તો ગ્રામ્ય ની જવાબદારી ગ્રામ્ય કચેરીને સોંપવામાં આવે અને શહેરી વિસ્તારની જવાબદારી હાલ પ્રવર્તમાન કચેરીને સોપાઈ પરંતુ હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી.

# સૌ. યુનિની પદવીદાન સમારોહ નાતાલના દિવસે

## ૪૪ વિદ્યાર્થીઓને એનાયત થશે પદવી : ૭૨ વિદ્યાર્થીઓને રાજયપાલ હસ્તે મળશે ગોલ્ડ મેડલ

રાજકોટ, તા. ૨૮

શિક્ષણનું સ્તર વધુને વધુ ઊંચું આવે તે માટે ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રણાલીને અપનાવવા રાજ્ય સરકાર દ્વારા દરેક શૈક્ષણિક સંસ્થાઓને આહવાન કરવામાં આવ્યું છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની જો વાત કરવામાં આવે તો દર વર્ષની જેમ આ વખતે ૬૦ મો પદ વિધાન સમારો હ ૨૫ ડિસેમ્બરના રોજ યોજાશે જેમાં આ વખતે સૌથી વધુ વિદ્યાર્થીનીઓ ગોલ્ડ મેડલ મેળવશે તેવું હાલ જાણવા મળ્યું છે. ભારે વિવાદો વચ્ચે ઘેરાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના પદવિદાન સમારોહની તૈયારીઓ હાલ શરૂ કરી દેવામાં આવી છે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ આગામી તા.૨૫ ડીસેમ્બરના દિવસે યુનિવર્સિટી સ્થિત કાનજી ભુટા બારોટ રંગ મંચ ખાતે આયોજીત કરવામાં આવે છે. રાજયપાલ-કુલાધિપતિ, આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ પદવીદાન સમારોહમાં રાજયના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહેનાર છે.આ પદવીદાન સમારોહમાં યુનિ.ની વિવિધ ૧૬ વિદ્યા શાખાઓના ૪૩૯૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. તેની સાથોસાથ ઉચ્ચ ગુણાંક હાંસલ કરનારા ૭૨ તેજસ્વી વિદ્યાર્થીઓને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ૧૭૫ ગોલ્ડ મેડલ અને ૨૭૦ પ્રાઈઝ એનાયત કરવામાં આવનાર છે.

આ પદવીદાન સમારોહ અંગે યુનિ. દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ વખતે ગોલ્ડ મેડલ અને ઈનામ મેળવવામાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓની સંખ્યા વધારે છે. મેડીસીનમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવનાર છે.જેમાં સુરેન્દ્રનગર મેડીકલ કોલેજની વિદ્યાર્થીની ૠત્વીબેન અઘારાને સૌ.યુનિ. તરફથી છ તેમજ દાતાઓના ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. જયારે વિનિયન વિદ્યા શાખામાં અમરેલીની મોંઘીબા મહિલા કોલેજની બીએની વિદ્યાર્થીની ગાયત્રી નિમાવતને ગોલ્ડ મેડલ અને ઈનામ વિતરણ કરવામાં આવનાર છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અને સૂત્રોના જણાવ્યા મુજબ હજુ પણ યુનિવર્સિટી નું શૈક્ષણિક સ્તર ઉંચું લાવવાની ખૂબ જરૂરિયાત છે. પાસ થતા વિદ્યાર્થીઓ ને રોજગારી પૂરતા પ્રમાણમાં મળે તે ખૂબ જરૂરી છે હાલ અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ પોતાની કારકિર્દીનું ઘડતર કરી રહ્યા છે તેમના માટે રોજગારીનું સર્જન ખૂબ સરળતાથી થાય તે પણ એટલું જ જરૂરી છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અદયક્ષસ્થાને પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં શિક્ષણ મંત્રી પણ સહભાગી થશે.

## પ્રમુખ પદે સુરેશ આર. ફળદુ, ઉપપ્રમુદ પદે સિધ્ધરાજસિંહ કે. જાડેજા, સેક્રેટરી પદે મેહુલ મેહતા, લાઈબ્રેરી સેક્રેટરી પદે સાગર હપાણી સહિતના નામોની જાહેરાત

# ભાજપ પ્રેરિત સમરસ પેનલનું કાર્યાલય ખુલ્યુ



રાજકોટ, તા. ૨૮

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીનું રણસીંગુ સુકાઈ ગયું છે જેમાં ભાજપ લીગલ સેલની સમરસ પેનલ નું કાર્યાલય નું આજે ઉદઘાટન થવાનું છે મળતી માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટીના મહાનગર લીગલ સેલ દ્વારા ૧૯ ડિસેમ્બરના રોજ જે ચૂંટણીનું આયોજન થયું છે તેમાં પેનલ જાહેર કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ સમરસ પેનલમાં તથા કારોબારી સભ્ય પદમાં અમિત વેકરીયા, દિપ વ્યાસ, રણજીત મકવાણા, યશ ચોલેરા, કશ્યપ ઠાકર સહીનાઓની પેનલ તૈયાર કરેલ હોય અને બાકી રહેતા પદો માટે પણ ટુંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવાનુ હાલ જાણવા મળ્યું છે.

આગામી રાજકોટ બાર એસો.ની ચુંટણીમાં ભાજપ પ્રેરીત સમરસ પેનલના પ્રચાર પ્રસાર માટે આજે સાંજના કલાક ૬:૩૦ વાગ્યે રાજકોટ શહેરની મધ્યે આવેલ વિરાણી હાઈસ્કુલમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનું કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવશે. આ પ્રસંગે રાજકોટ બાર એસો.ના સિનયર તથા જુનીયર ધારાશાસ્ત્રી ભાઈઓ તથા બહેનો તેમજ ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારઓ તેમજ અન્ય મહાનુભાવો હાજરી આપશે. આ પ્રસંગે ભાજપ પ્રેરીત સમરસ પેનલ દ્વારા ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વરેલા તમામ ધારાશાસ્ત્રીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મળતી માહીતી મુજબ, ભાજપ પ્રેરીત સમરસ પેનલને પહેલાથી જ ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગરના લીગલ સેલ દ્વારા ટેકો જાહેર કરી દેવામાં આવેલ છે.

# ફેરિયાઓ લોન અરજીઓ કરી શકશે : લાભ લેવા અપીલ

રાજકોટ , તા. ૨૮

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે PMSVANidhi યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ ફેરિયાઓ તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે.




આ યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ છે તેમની અરજીઓના નિકાલ, લોન મેળવેલ ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનું સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ થકી સરકારની અન્ય યોજનાઓનો લાભ આપવામાં આવે છે.

ડ્ખજટઅગશમવશ યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં ફેરી પ્રકારનો વ્યવસાય કરતા લાભાર્થીઓને સિક્યુરીટી વિના તબક્કાવાર લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓએ મોબાઈલ ઉપરાંત આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, બેંક પાસબુક, UPI આઈ.ડી.,ઓરીઝનલ અને ઝેરોક્ષ નકલ સાથે ગબકખ સેલ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ યોજનાનો લાભ મહતમ ફેરિયાઓને મળી રહે તે માટે આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાના લાભથી વંચિત રહેલ ફેરીયાઓને લાભ લેવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં ૮૬ સ્થળે ઝડપાઈ વીજ ચોરી

## ૨૯ લાખનો દંડ ફટકારતું PGVCL : ૩૮ ટીમ દ્વારા ૮૯૦ કનેક્શાનની કરાઈ તપાસ



રાજકોટ , તા. ૨૮

વીજ ચોરીનું દૂષણ છેલ્લા ઘણા સમયથી જોવા મળી રહ્યું છે અને તેના પર જરૂરી પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ પીજીવીસીએલ દ્વારા વિવિધ ટીમોનું ગઠન કરી સમયાંતરે વિવિધ વિસ્તારોમાં ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે જેમાં ખૂબ મોટા પ્રમાણમાં વીજ ચોરીનું પ્રમાણ સામે આવ્યું છે. હાલ પીજીવીસીએલ માટે પણ આ મુદ્દો અત્યંત ચોંકાવનારો સાબિત થઈ રહ્યો છે કારણ કે અગાઉ ના ચેકિંગ ડ્રાઈવમાં જે આંકડો સામે આવ્યો હતો તે આંકડો અત્યારે પણ જોવા મળી રહ્યો છે તેના પર કેવી રીતે અંકુશ લાદવું તે હાલ પીજીવીસીએલ માટે ચર્ચાનો વિષય છે. વીજ ચોરીના પગલે કચેરીએ કરોડો રૂપિયાનો નુકસાન વેઠવું પડે છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા અને વીજ ચોરી કરતા લોકો સમક્ષ દંડનો ધોકો પછાડવા માટેનો તખતો તૈયાર કરી દેવામાં આવ્યો છે. હાલ જે રીતે વીજ ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે તેની સામે સામાન્ય અને વહીવટી કામગીરી જે થવી જોઈ તે થઈ શકતી નથી.

પીજીવીસીએલ દ્વારા હાલ રાજકોટ શહેર એક વિભાગીય કચેરીના નેજા હેઠળ આજીડેમ સહિતના વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં વ્યાપક પ્રમાણમાં વીજ ચોરી સામે આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વર્ધમાનનગર શેરી નં. ૧,૨,૩,૮,૯, જયરાજ પ્લોટ મેઈન રોડ, સાગર સોસાયટી, કેદારનાથ સોસાયટી, મણીનગર, રાજારામ સોસાયટી, સાગર ચોક, રીદ્ધી સિદ્ધિ ક્વાર્ટર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ભગવતીપરા, જયપ્રકાશ નગર, નંદનવન સોસાયટી, વંદેમાતરમ શેરી નં.૧, અનમોલ પાર્ક, ધરમનગર સોસાયટી વગેરે માં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૮ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક વગેરે મળીને કુલ ૮૯૨ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૮૬ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂ. ૨૯.૫૮ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આવનારા દિવસોમાં પણ પીજીવીસીએલ દ્વારા વિવિધ ટીમોનું ગઠન કરી શહેરના અનેકવિધ વિસ્તારોમાં વીજ ચોરી પકડવા માટેની ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે જેથી વીજ ચોરી ઉપર અંકુશ લાવી શકાય અને ખાસ એ તમામ ઉપર ધ્યાન કેન્દ્રિત થઈ શકે બીજી તરફ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં પીજીવીસીએલ દ્વારા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને રોડ મેપ તૈયાર કરાય તેવી પણ અપેક્ષાઓ સેવાઈ રહી છે જેથી વીજ ચોરીનું દુષણ ભૂતકાળ બની શકે. સામે વીજ ચોરી કરતા લોકોમાં પણ હાલ જે ડર હોવો જોઈએ તે જોવા મળતો નથી અને પરિણામ સ્વરૂપે વીજ ચોરી નું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કિન્નરવોર!

## અંદરો-અંદર બઘડાટી : ધાર્મિક માન્યતા અને વાસ્તવિકતા...



કિન્નર પ્રકૃત્તિનું વિશિષ્ટ સર્જન છે. સ્ત્રી-પુરુષ બાદ તેનો ત્રીજી જાતિમાં સમાવેશ થાય છે. પ્રકૃત્તિએ તેમને સામાન્ય સ્ત્રી-પુરુષ નથી બનાવ્યા. સનાતનની પરંપરાએ કિન્નરને વિશિષ્ટ સ્થાન આપ્યું છે.

કિન્નરો અંગે શાસ્ત્રોમાં કથાઓ છે. કિન્નરના શ્રાપ અને આશિર્વાદ મહત્વપૂર્ણ અને પાવરફૂલ માનવામાં આવે છે. ધાર્મિકતા જે કહે તે પરંતુ સનાતન દરેકને મહત્વપૂર્ણ ગણાવીને તેને સામાજિક ઉચ્ચ દરજ્જો આપે છે. કિન્નરને શુકનિયાળ જાહેર કરીને તેના દર્શન-આશિર્વાદથી કલ્યાણ થશે તેવું પ્રસ્થાપિત કરીને સનાતન પરંપરાએ કિન્નરને સામાજિક ઉચ્ચસ્તર આપ્યું છે. આ કારણે લોકો તેને દક્ષિણા આપે છે અને કિન્નરનું ગુજરાન ચાલતું રહે છે.

કિન્નરો બહુચરાજીના ભક્તો-સાધકો ગણાય છે. મોટાભાગના સનાતની પરિવારો તેને આદર આપે છે. સમાજમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા કિન્નરો છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં આવી રહ્યા છે. અંદરો અંદરના ઝઘડા ગંભીર સ્વરૂપ ધારણ કરવા લાગ્યા છે.

રાજકોટમાં કિન્નરોના આંતરિક વિવાદોના કારણે સાત વ્યંઢળોએ આપઘાત કરવાનો પ્રયાસ કરતા સનસનાટી મચી ગઇ છે. સમાજને સુખાકારીના આશિર્વાદ આપતા કિન્નરો ખુદ દુ:ખી થઇને જીવન ટૂંકાવવાના માર્ગે પહોંચી જાય તે ગંભીર સ્થિતિ ગણાય. આવો પ્રયાસ કરનારા જૂથે અતિ ગંભીર આક્ષેપો કર્યા છે.

ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી છે. જો કે, ગુજરાતમાં ઘણાં સ્થાને સામાન્ય લોકો તરફથી પણ કિન્નર અંગે ફરિયાદો થાય છે. આ જાતિમાં પણ દાદાગીરી-વર્ચસ્વનો જંગ, સામાન્ય લોકોને મજબુર કરીને આર્થિક લાભ લેવાની વૃત્તિ વગેરે જોવા મળે છે. કિન્નરોના અમુક તત્વો જ નેગેટીવ પ્રવૃત્તિ કરતા હશે. પણ તેના કારણે આખો સમુદાય બદનામ થાય છે. આવા તત્વોને સમુદાયે જ શોધવા જોઇએ.

સનાતન પરંપરામાં કિન્નરોને વિશિષ્ટ દરજ્જો પ્રાપ્ત થયો છે. કિન્નરો શુકનિયાળ અને તીવ્ર ઊર્જા પાવર ધરાવનારા ગણાય છે. આ દરજ્જાને અનુરૂપ વ્યવહાર હોવો જોઇએ. દિવ્યતા એ વિવેક અને સમજદારીથી જ જળવાય છે અને શોભે છે.

સામાન્ય સમાજમાં પારિવારિક અને સામાજિક સમસ્યાઓ પરાકાષ્ઠાએ છે. આ સમયે ત્રીજી જાતિ પણ સમાજમાં સમસ્યારૂપ બનીને ઉભરે છે. કિન્નરોએ પોતાની ઊર્જાથી સામાન્ય લોકોને પણ સમૃદ્ધિ-સુખાકારીના આશિર્વાદ આપવાના હોય છે, એ ભુલવા નહિ...

# પુતિન ડિસેમ્બરમાં આવશે ભારત

## વડાપ્રધાન મોદીના આમંત્રણ પર ૪-૫ ડિસેમ્બરનો પ્રોગ્રામ

નવીદિલ્હી, તા. ૨૮

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૪-૫ ડિસેમ્બરે ભારતની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન તેઓ તેલ ખરીદી, સંરક્ષણ અને વેપાર જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે. અમેરિકા સાથેના વર્તમાન સંબંધોને જોતાં, પુતિનની આ મુલાકાત ખૂબ જ ખાસ માનવામાં આવે છે. ભારતીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વિપક્ષીય વાટાઘાટો સાથે રશિયન રાષ્ટ્રપતિ પુતિન માટે રાત્રિભોજનનું આયોજન કરશે. આ મુલાકાત રશિયા અને ભારત વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. તાજેતરમાં જ ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે રશિયાની મુલાકાત લીધી હતી. તેમનું સ્વાગત કરતી વખતે, રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવે કહ્યું હતું કે પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. જયશંકરની મુલાકાતના થોડા દિવસો પછી જ પુતિન આવી રહ્યા છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. પુતિનની ભારત મુલાકાત અનેક રીતે મહત્વપૂર્ણ રહેવાની ધારણા છે. અમેરિકાએ રશિયા



પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર ટેરિફ લાદ્યો હતો. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રશિયા સાથેના ભારતના સંબંધો પર ટિપ્પણીઓને કારણે આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અમેરિકન રાષ્ટ્રપતિ લાંબા સમયથી ભારત પર રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા દબાણ કરી રહ્યા છે. તેમણે ઘણી વાર તો કહ્યું છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. જોકે, આ છતાં, ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પુતિનના સન્માનમાં એક સ્ટેટ ડિનરનું આયોજન કરશે, જેમાં પીએમ મોદી પણ હાજરી આપશે. રશિયન તેલ ખરીદવાને કારણે, અમેરિકાએ ભારતની નિકાસ પર ૨૫% વધારાનો ટેરિફ લાદ્યો છે. પુતિનની મુલાકાતનો મુખ્ય ધ્યાન સંરક્ષણ કરારો પર રહેશે. પુતિન છેલ્લે ૬ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૪ માં બે વાર રશિયા ગયા હતા. તેઓ ૨૨ ઓક્ટોબરે બ્રિક્સ સમિટ માટે રશિયા ગયા હતા. અગાઉ, મોદી જુલાઈમાં બે દિવસ માટે રશિયા ગયા હતા, જે દરમિયાન પીએમ મોદીએ પુતિનને ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ મુર્મુ અને વડા પ્રધાન મોદી સાથે મુલાકાત કરશે. તેલ ખરીદી, સંરક્ષણ અને વેપાર જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. પુતિન છેલ્લે ૬ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા.

### ભારત રશિયા પાસેથી 300 નવી S-400 મિસાઈલ ખરીદશે

# દેશની હવાઈ સુરક્ષા મજબૂત



નવીદિલ્હી તા. ૨૮

ભારતે તેની S-400 વ્યૂહાત્મક હવાઈ સંરક્ષણ પ્રણાલી માટે એક મોટી ખરીદી પ્રક્રિયા શરૂ કરી છે. સંરક્ષણ મંત્રાલય રશિયન સરકારી કંપની રોસોબોરોનેક્સપોર્ટ પાસેથી લગભગ ૩૦૦ નવી મિસાઇલો ઝડપથી મેળવવાની તૈયારી કરી રહ્યું છે. મે ૨૦૨૫ માં ઓપરેશન સિંદૂર દરમિયાન S-400 મિસાઇલોના ભારે ઉપયોગ પછી આ પગલું લેવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મિસાઇલોની ખરીદી ₹૧૦,૦૦૦ કરોડથી વધુની હોવાનો અંદાજ છે. સરકાર આ નાણાકીય વર્ષમાં આ સોદો પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખે છે, જે ખર્ચ વાટાઘાટો સમિતિ (CNC) અને સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની અંતિમ મંજૂરી માટે બાકી છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, S-400 સિસ્ટમે પાકિસ્તાની ફાઇટર જેટ, ડ્રોન અને સર્વેલન્સ વિમાનોને નિશાન બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સિસ્ટમની 40N6E લાંબા અંતરની મિસાઇલે પાકિસ્તાનની અંદર ૩૧૪ કિલોમીટર અંદર એક મોટા વિમાનને તોડી પાડ્યું હતું. સતત અને વ્યાપક ઉપયોગને કારણે, મિસાઇલનો ભંડાર ખાલી થઈ ગયો છે, અને હવે તેને તાત્કાલિક ભરવાની જરૂર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય સશસ્ત્ર દળો ભવિષ્યમાં પાંચ વધુ જ-૪૦૦ સિસ્ટમ ખરીદવાનું વિચારી રહ્યા છે. વધુમાં, રશિયાની પેન્ટસિર એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનો પણ એક વિકલ્પ છે, જે સશસ્ત્ર અને કામિકાઝ ડ્રોનને અટકાવવામાં સક્ષમ છે, તે પણ એક વિકલ્પ છે.

બંને સિસ્ટમો સાથે મળીને ભારતને હવાઈ જોખમો સામે બહુ-સ્તરીય હવાઈ સંરક્ષણ કવચ પ્રદાન કરી શકે છે. હાલમાં, ભારતને પાંચ S-400 સ્ક્વોડ્રનમાંથી ત્રણની ડિલિવરી મળી છે. બાકીના બે સ્ક્વોડ્રન આગામી વર્ષ સુધીમાં ભારતમાં તૈનાત કરવામાં આવશે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં DACએ ખરીદીને મંજૂરી આપી દીધી છે. આગામી ભારત-રશિયા સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ખરીદી પર વધુ ચર્ચા કરે તેવી અપેક્ષા છે. વાટાઘાટો દરમિયાન નવી S-500 એર ડિફેન્સ સિસ્ટમ્સ અને અન્ય સંયુક્ત સંરક્ષણ પ્રોજેક્ટ્સનો મુદ્દો પણ ચર્ચામાં આવી શકે છે, જોકે હાલમાં કોઈ મોટા કરારની અપેક્ષા નથી. આ મિસાઇલ ખરીદી ભારતની વ્યાપક હવાઈ સંરક્ષણ વ્યૂહરચનાનો એક ભાગ છે, જેનો હેતુ કોઈપણ પ્રાદેશિક તણાવ અથવા હવાઈ જોખમો વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવાનો છે. ઓપરેશન સિંદૂરમાં S-400 સિસ્ટમ દ્વારા આપવામાં આવેલા નિર્ણાયક ફાયદાએ સ્પષ્ટ કર્યું છે કે આ સિસ્ટમ આગામી વર્ષોમાં ભારતના હવાઈ સંરક્ષણ માળખાનો મુખ્ય આધારસ્તંભ રહેશે.

# રેલ્વેમાં હલાલ પ્રમાણપત્રની જરૂર નથી : અશ્વિની વૈષ્ણવ

## કેન્દ્રીય રેલ મંત્રીનું નિવેદન IRCTC ફક્ત FSSAI ધોરણો મુજબ જ ખોરાક પીરસે છે

નવીદિલ્હી, તા. ૨૮


રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટતા કરી છે કે ભારતીય રેલ્વેમાં હલાલ પ્રમાણપત્રની કોઈ જરૂર નથી. રેલવેને કોઈ હલાલ પ્રમાણપત્રની જરૂર નથી, અને IRCTC ફક્ત FSSAI ધોરણો અનુસાર જ ખોરાક પીરસે છે. એક જૂના વીડિયોના આધારે મૂંઝવણ દૂર કરતા તેમણે જણાવ્યું હતું કે રેલવે સરકાર દ્વારા સ્થાપિત ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન કરે છે. ૨૦૨૩ ના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર ફરતા થઈ રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે રેલવેએ હવે ખાદ્ય પ્રદાતાઓ પાસેથી હલાલ પ્રમાણપત્રની માંગણી કરી છે. જોકે, રેલવે મંત્રીએ આવા દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે, સ્પષ્ટતા કરતા કહ્યું છે કે રેલવે મંત્રાલય દ્વારા આવી કોઈ માંગણી કરવામાં આવી નથી.



NHRCની હલાલ પ્રમાણપત્ર સૂચના અંગે, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કોઈપણ રેલવે નિયમોમાં હલાલ પ્રમાણપત્રની કોઈ આવશ્યકતા નથી. રેલવે ક્યારેય કોઈ હલાલ પ્રમાણપત્રની માંગણી કરતી નથી. આ એક જૂના વીડિયો પર આધારિત છે. બતાવેલ ચાનું પેકેટ સંપૂર્ણપણે શાકાહારી છે. હલાલ પ્રમાણપત્રની પણ તપાસ કરવામાં આવી રહી છે.

ભારતીય રેલ્વેમાં માંસાહારી ખોરાકમાં હલાલ માંસના ઉપયોગ અંગે સોશિયલ મીડિયા પર (જુલાઈ ૨૦૨૩) પ્રશ્નો ઉભા થયા હતા. તે સમયે, સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે IRCTC ફક્ત એવા માંસાહારી ખોરાક (ચિકન) પીરસે છે જે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ અને સમયાંતરે તેના સુધારાઓ દ્વારા નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરે છે.

તાજેતરના મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે રેલ્વેને NHRC તરફથી એક નોટિસ મળી છે જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ટ્રેનોમાં ફક્ત હલાલ-પ્રક્રિયા કરાયેલ માંસનો ઉપયોગ થઈ રહ્યો છે. રેલ્વે સ્પષ્ટપણે જણાવે છે કે ટ્રેનોમાં પીરસવામાં આવતા માંસાહારી ખોરાકને હલાલ-પ્રમાણિત કરવાની જરૂર હોય તેવો કોઈ નિયમ નથી. ભારતીય રેલ્વે સરકાર દ્વારા નિર્ધારિત ધોરણોનું પાલન કરે છે. રેલ્વેમાં ખોરાક પીરસતા લાઇસન્સધારકો અને વિક્રેતાઓએ FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ના તમામ નિયમોનું પાલન કરવું જરૂરી છે. IRCTC FSSAI નિયમો અને રેલ્વે નિર્દેશો અનુસાર સખત રીતે કેટરિંગ સેવાઓ પૂરી પાડે છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટતા કરી છે કે ભારતીય રેલ્વે પર હલાલ પ્રમાણપત્રની કોઈ આવશ્યકતા નથી. IRCTC ફક્ત FSSAI ધોરણોનું પાલન કરે છે અને તેને હલાલ પ્રમાણપત્રની જરૂર નથી. સોશિયલ મીડિયા પર ફરતા એક જૂના વિડીયોને કારણે થયેલી મૂંઝવણને દૂર કરતા, તેમણે જણાવ્યું હતું કે રેલ્વે સરકારી ખાદ્ય સુરક્ષા નિયમોનું કડક પાલન કરે છે.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# બાંગ્લાદેશી ઘૂસણખોરો વતન જવા રઘવાયા

## મતદાર સુધારણાના ડરથી બાંગ્લાદેશીઓ જાય છે વતન પરત

નવીદિલ્હી, તા. ૨૮

બાંગ્લાદેશની સરહદે આવેલા પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણામાં આવેલી હાકિમપુર બોર્ડર આઉટપોસ્ટ પર બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરનારા લોકોનો સતત ભરાવો થઈ રહ્યો છે. બાળકો અને મહિલાઓ સાથે હાકિમપુર પહોંચીને, લોકો BSF કર્મચારીઓને વિનંતી કરી રહ્યા છે કે તેમને બાંગ્લાદેશ પાછા જવા દો. આ ઘટનાઓના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે લાંબા સમયથી ભારતમાં રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરો હવે SIRના ડરથી બાંગ્લાદેશ પાછા ફરી રહ્યા છે. આ સમાચાર અને ફોટા વાયરલ થયા પછી, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે વ્યક્તિગત રીતે હાકિમપુર બોર્ડર આઉટપોસ્ટની મુલાકાત લીધી અને ત્યાંની પરિસ્થિતિની સમીક્ષા કરી. રાજ્યપાલે ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરોના કથિત 'રિવર્સ માઈગ્રેશન'ના અહેવાલોની સમીક્ષા કરી. જોકે, બુધવારે, જે દિવસે રાજ્યપાલે સરહદ ચોકીની મુલાકાત લીધી, તે દિવસે બાંગ્લાદેશી પરત ફરનારાઓનું જૂથ ગાયબ હતું. ત્યાં ન તો કોઈ કતાર હતી કે ન તો બાંગ્લાદેશી પરત ફરનારાઓની ભીડ હતી જે બાંગ્લાદેશ પાછા ફરવા માંગતા હતા.

બુધવારે રાજ્યપાલે હાકીમપુર ચોકીની મુલાકાત લીધી હતી, પરંતુ તેમના પાછા ફર્યા પછી, ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ ફરીથી હાકીમપુર ચોકી પર ઉમટી પડ્યા છે અને બાંગ્લાદેશ પરત ફરવાની માંગ કરી રહ્યા છે. એ નોંધનીય છે કે બાંગ્લાદેશ પરત ફરતા મોટાભાગના લોકો મુસ્લિમ સમુદાયના છે, અને તેમાંથી ઘણા દાવો કરે છે કે તેઓ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા હતા, પરંતુ હવે SIR પ્રક્રિયા ચાલી રહી છે અને મતદાર યાદી શુદ્ધિકરણ ચાલી રહ્યું છે. પરિણામે, તેમના અથવા તેમના પરિવારના નામ ૨૦૦૨ અથવા ૨૦૦૩ ની SIR યાદીઓમાંથી ગાયબ



છે. તેઓ ભયભીત છે અને દેશનિકાલનો ડર રાખે છે. પરિણામે, તેઓ સ્વેચ્છાએ બાંગ્લાદેશ પાછા ફરવા માંગે છે.

વરિષ્ઠ રાજકીય વિશ્લેષક પાર્થ મુખોપાધ્યાય આ દાવાઓ પર સવાલ ઉઠાવે છે. તેમનો દલીલ છે કે ૧૯૭૧ માં બાંગ્લાદેશની સ્વતંત્રતા પછી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી શરણાર્થીઓ ભારત આવ્યા હતા. ભારતે તેમને શરણાર્થી તરીકે માન્યતા આપી હતી. આસામ અને પશ્ચિમ બંગાળમાં તેમના માટે શરણાર્થી વસાહતો સ્થાપિત કરવામાં આવી હતી. આમ છતાં, બાંગ્લાદેશથી ઘુસણખોરો લાંબા સમયથી ભારતમાં પ્રવેશ કરી રહ્યા છે, અને આ જાણીતું છે. રાજ્ય સરકારથી લઈને કેન્દ્ર સરકાર સુધી, તેઓ સ્વીકારી રહ્યા છે કે બાંગ્લાદેશી ઘૂસણખોરો બંગાળમાંથી પસાર થઈને દેશના વિવિધ ભાગોમાં હાજર છે. આ ઘૂસણખોરો પાસે માત્ર EPIC કાર્ડ જ નથી, પરંતુ આધાર કાર્ડ અને PAN કાર્ડ પણ છે, અને ઘણા લોકો જમીન અને મિલકત પણ ધરાવે છે.


### વધુ એક વખત ડખ્ખો વકરી ગયો: આ વખતે વાત આત્મહત્યાના પ્રયાસ સુધી પહોંચી

# સાત કિન્નરોનો આપઘાતનો પ્રયાસ!

## ગંજીવાડામાં નિકીતાદેએ ફિનાઇલ પી મીરાદે સામે આક્ષેપ : મોડી રાતે મીરાદેના છ શિષ્યએ ખાટુશ્યામજી મંદિર પાસે સામુહિક એક સાથે ફિનાઇલ પી ગયા : એકબીજાને હેરાન કરી ધમકીઓ અપાતી હોવાના સામ-સામે આક્ષેપો : પોલીસ કમિશનરને રજૂઆત









રાજકોટ, તા. ૨૮

રંગીલા મોજીલા શહેર રાજકોટમાં અવાર-નવાર કીન્નરો, વ્યંઢળો જાહેરમાં બાખડી પડતાં હોય છે કાં તો જાહેરમાં કપડા ઉતારતાં હોય છે. તો ઘણીવાર મારામારી પર ઉતરી આવતાં હોવાના વિડીયો પણ અગાઉ ખુબ વાયરલ થયા છે. તો ઘણીવાર પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પણ નિર્વસ્ત્ર થઇ ગયાના દાખલા છે. આ બધાની વચ્ચે કિન્નરો વચ્ચે ચાલતો વિવાદ વધુ એક વખત વકર્યો છે. ગંજીવાડામાં રહેતાં એક યુવાને સાંજે આપઘાતનો પ્રયાસ કર્યા બાદ મોડી રાતે તેણે જેના પર આક્ષેપો કર્યા હતાં તે કિન્નરગુરૂના છ શિષ્ય એવા કિન્નરોએ એક સાથે ફીનાઇલ પી સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં એક વ્યંઢળે સાંજે ચોકમાં ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. તેણે જેના પર આક્ષેપો કર્યા એ છ વ્યંઢળ કે જે ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં રહે છે એ છએયએ મોડી રાતે બે વાગ્યે ઘંટેશ્વર નજીક આવેલા શ્રી ખાટુશ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઇલ પી સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં છએયને સારવાર માટે દાખલ કરાયા હતાં. પાંચ મહિનાથી ચાલી રહેલી માથાકુટ ફરીથી વકરી ગઇહતી અને આત્મહત્યાના પ્રયાસ સુધી વાત પહોંચી ગઇ હતી.

વધુ માહિતી અનુસાર ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં કિન્નર-વ્યંઢળો ખુશ્બુદે ગોપીદે (ઉ.વ.૨૪), સમીરાદે ગોપીદે (ઉ.વ.30), બીંદીયાદે મીરાદે (ઉ.વ.૩૨), ગોપીદે મીરાદે (ઉ.વ.૩૦), ટીનદે મીરાદે (ઉ.વ.૩૦) અને કલ્પુદે મીરાદે (ઉ.વ.૨૭)એ રાતે બે વાગ્યે જામનગર રોડ ઘંટેશ્વર નજીક આવેલા શ્રીખાટુ શ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તમામને હેતલદેએ ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

અહિ ઈમર્જનસી વોર્ડમાં છએય કિન્નરોને સારવાર અપાઇ હતી અને વધુ સારવાર માટે અન્ય વોર્ડમાં રીફર કરાયા હતાં. આ ઘટનાને તબિબે પોલીસ કેસ ગણીને જાણ કરતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, પ્રતાપભાઇ, રવિભાઇ સહિતે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. હોસ્પિટલના બીછાનેથી ખુશ્બુદે સહિતના વ્યંઢળોએ કહ્યું હતું કે અગાઉ અમારી સાથે જ નિકીતાદે હતાં. પણ તેને અમારી કમીટીમાં આગળ થઇ જવું હોઇ જેથી અમારી વચ્ચે વિવાદ થયો હતો. પાંચ મહિના પહેલા આ કારણે માથાકુટ થતાં અમે તેને અમારી કમિટીમાંથી બરતરફ કરી દેતાં હાલ તે ગંજીવાડામાં રહે છે અને અમે બધા ઘંટેશ્વરમાં રહીએ છીએ. અમને તેના તરફથી ફોન પર સતત ધમકીઓ મળતી રહે છે.

કિન્નરોએ વધુમાં કહ્યું કે ગુરૂવારે પણ તેણે ફોન કરી અમે તને જ્યાં ભેગા થઇશું ત્યાં તે છરી મારી દેશે તેવી ધમકી આપી હતી. આણી અમે બધા ગભરાઇ ગયા હોઇ રાતે ઘરેથી નીકળી એક સાથે ફિનાઇલ પી લીધી હતી. બીજી તરફ આ ઘટના બની એ પહેલા સાંજે સાડા આઠેક વાગ્યે ગંજીવાડા-૧૩માં રહેતાં નિકીતામાસી જેના ગુરૂ મીરાદે છે તેણીએ પણ ગંજીવાડાના શક્તિ ચોકમાં ફિનાઇલ પી લેતાં તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી. સારવાર બાદ નિકીતામાસીએ રાતે જ રજા લીધી હતી. તેણીએ મીરાદે અને મિહીર સહિતનો પોતાને અનહદ ત્રાસ હોઇ તેના કારણે આ પગલુ ભર્યાનો આક્ષેપ કર્યો હતો. આ પછી સારવાર બાદ રજા લીધી હતી.

આ પછી મોડી રાતે નિકીતામાસીએ જેના પર આક્ષેપો કર્યા એ મીરાદેના શિષ્યો એવા છ વ્યંઢળોએ સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં છએય સારવાર હેઠળ છે. પોલીસે સામ સામે કરવામાં આવેલા આક્ષેપોની તપાસ હાથ ધરી છે. શહેરમાં વધુ એક વખત કિન્નર સમુદાયમાં અંદરો અંદરની માથાકુટને કારણે ચર્ચા જાગી હતી. દરમિયાન સાંજે ફિનાઇલ પી લેનારા નીકીતામાસીનો વિડીયો પણ સોશિયલ મિડીયામાં વહેતો થયો છે. જેમાં તેણે કહ્યું છે કે-મારૂ નામ નિકીતામાસી છે, મેં ભેખ પહેર્યો એને સોળ વર્ષ થયા છે. મેં મીરા અને મીહીરના ત્રાસથી દવા પીધી છે, મને સારુ થઇ જાશે તો પણ આગળ જતાં મારુ જીવન ટુંકાવી લીધુ હતું. મને ત્રીસ જણાએ મળીને જ્યુબીલી પાસે માર માર્યો હતો. હું ઓરીજીનલ કિન્નર છું, હું મારો રોટલો શાંતિથી માંગી ખાઉ બસ એટલી જ મારી માંગણી છે.

બીજી તરફ રામનાથપરા મઢના મીરાદે સહિતના બસ્સો જેટલા કિન્નરોએ બપોરે પોલીસ કમિશનર કચેરીએ પહોંચી નિકીતાદે વિરૂધ્ધ પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. નિકીતાદે બીજા કિન્નરોને ખુબ હેરાન કરી સતત ધમકીઓ આપતી હોઇ તેના કારણે છ શિષ્યોએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. જવાબદાર નિકીતાદે સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી હતી.

# દીકરીના લગ્ન કરવા મુદ્દે વૃદ્ધને ધમકી

## માધાપર ચોકડીના શિક્ષક અને તેની સાથેની યુવતિ સામે શાપર પોલીસમાં અલગથી ગુનો દાખલ



**રાજકોટમાં યુવતિને ફસાવી દૂષ્કર્મ આચરનારા શિક્ષકે તેણીના પિતાને પણ ધમકાવ્યા**

રાજકોટ , તા. ૨૮

શહેરની એક યુવતિને ફસાવી શિક્ષક શખ્સે તેણીની સાથે બળાત્કાર ગુજારી લીધો હતો, તેમજ ન્યુડ ફોટા વિડીયો લઇ વાયરલ કરવાની ધમકી આપી રોકડા સાડા ચાર લાખ પડાવ્યા હતાં. આ કૃત્યમાં તેને એક શિક્ષીકાએ પણ મદદ કરી હોઇ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને શિક્ષીકાની ધરપકડ કરી હતી. દરમિયાન આ હવસખોર શિક્ષક અને તેની સાગ્રીત મહિલા સામે શાપર પોલીસ સ્ટેશનમાં વધુ એક ગુનો દાખલ થયો છે. યુવતિના લગ્નપ્રસંગમાં ઘુસી જઇ આ બંનેએ યુવતિના થનાર પતિને તેમજ તેણીના પતિને મારી નાખવાની ધમકી આપી હતી.

આ મામલે શાપર પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર યુવતિના પિતાની ફરિયાદ પરથી ગુનો નોંધાયો છે. રાજકોટમાં રહેતા બાંસઠ વર્ષના વૃદ્ધએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે માધાપર ચોકડીના મુકેશ રવજી સોલંકી અનેસાધુ વાસવાણી રોડના પ્રીતિ ઘેટીયાના નામ આપ્યા છે. વૃધ્ધે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ રાજકોટમાં દુકાન ચલાવી ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે, પુત્રી ૩૩ વર્ષની છે. દિકરી વર્ષ ૨૦૨૨માં નજીકના ગામ વિપશ્યના શિબીરમાં ગઇ હતી. ત્યારે રાજકોટમાં સાધુ વાસવાણી વિસ્તારમાં રહેતા પ્રીતિબેન ઘેટીયા સાથે તેને પરીચય થયો હતો. તેઓ બંને એકબીજાના ઘરે આવતા જતા હતા.

ફરીયાદીનાં દિકરીના ગોંડલ રોડ ઉપર આવેલ ગોંડલ રોડ પર પાર્ટી પ્લોટ ખાતે લગ્નનુ આયોજન કર્યું હતુ. ગઇ તા.૨૨ના તેઓની દિકરીની સગાઇ પણ આ જ પાર્ટી પ્લોટ ખાતે રાખી હતી. બીજા દિવસે લગ્નનુ આયોજન હતુ. ફરીયાદી તેમજ અન્ય સગા સંબંધી દીકરીના લગ્નમાં હાજર હતા અને તેના લગ્ન ચાલુ હોય તે વખતે રાતના આઠેક વાગ્યાની આસપાસ પ્રીતિબેન ઘેટીયા તથા તેમના મિત્ર મુકેશ સોલંકી પાર્ટી પ્લોટે આવી અને દિકરી તેમજ જાનૈયા હતા ત્યાં આવી બન્ને જણા દિકરીને કહેવા લાગેલ કે, તું તારા લગ્ન મંડપમાંથી બહાર નીકળી જા, જો બીજા કોઇ જોડે લગ્ન કર્યા તો તારૂ મર્ડર કરી નાખીશું, મારે આ કન્યા સાથે ઘણા સમયથી સંબંધ છે. તેમ કહી દિકરી વિશે ખરાબ વાતો કરવા લાગ્યો હતો.

આ વખતે ફરીયાદીએ વચ્ચે પડી બંને આરોપીને ગાળો ન બોલવા અને અહીથી જતા રહેવા માટે સમજાવતા બંનેએ તેઓને પણ ગાળો આપી કહેવા લાગેલ કે ડોસા તારી દિકરીના બીજા કોઈ જોડે લગ્ન કર્યા છે તો પતાવી દઈશ તેમ કહી ધમકી આપી હતી. દેકારો થવા લાગતા આ બન્ને જણા પાર્ટી પ્લોટથી જતા રહેલ હતાં. બંને આરોપીએ ફરીયાદીની દિકરી વિશે ખરાબ વાતો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોઇ અને પાર્ટી પ્લોટમાં દેકારો થવા લાગતાં જમાઈ તથા તેમના પરીવારના સભ્યોએ દિકરી સાથે લગ્ન નહીં કરવાનો નિર્ણય લઇ તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનિય છે કે યુનિવર્સિટીમાં નોંધાયેલા દૂષ્કર્મના ગુનામાં પ્રીતિ પકડાઇ ગઇ હતી, મુકેશ હજુ ફરાર છે. ત્યાં બીજો ગુનો શાપરમાં દાખલ થતાં ચર્ચા જાગી છે.

### વ્યાજના ચકરડામાં ફસાઇ જતાં ડાયમંડનું કારખાનુ પણ બંધ કરવાની નોબત આવી હતી

# વ્યાજખોરોએ કારખાનેદારનો લીધો ભોગ

## પાનની દુકાને વખ ઘોળી પુત્રને ફોન કરી બોલાવ્યો: સારવારમાં ખસેડ્યા પણ જીવ બચી શક્યો નહિ: કેટલા વ્યાજખોરો? કેટલી રકમ? શું ત્રાસ હતો? તેની તપાસ આજીડેમ પોલીસે હાથ ધરી




રાજકોટ , તા. ૨૮

શહેરમાં વધુ એક વ્યક્તિને ચામડાતોડ વ્યાજના અજગર ભરડામાં ફસાઇ જવાને કારણે મરી જવા મજબૂર થવું પડ્યું છે. કોઠારીયામાં રહેતાં અને અગાઉ હીરાનું કારખાનુ ચલાવતાં આધેડએ ઘર નજીક પાનની દૂકાન પાસે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણે આ કારખાનેદારને પોતાનું ડાયમંડનું કારખાનુ પણ બંધ કરવાની નોબત આવી ગઇ હતી. છેલ્લે બહાર નીકળવાનો કોઇ રસ્તો ન રહેતાં અને વ્યાજની ઉઘરાણીઓ વધી જતાં તે મરી જવા મજબૂર થઇ ગયાની શંકા પરિવારજનોએ જણાવી જે કોઇ પણ આ આપઘાત પાછળ જવાબદાર હોય તેની સામે કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા ગામથી થોડે આગળ આવેલી શાનદાર રેસીડેન્સી-૩માં રહેતાં પિસ્તાલીસ વર્ષના રાજેશભાઇ બાબુભાઇ મારકણાએ પઘર નજીક આવેલા ગોવર્ધન પાન નામના ગલ્લા પાસે ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ પોતાના ૧૯ વર્ષના દિકરા તિર્થને ફોન કરી પોતે દવા પી ગયા છે અને ગોવર્ધન પાન પાસે છે તેવી વાત કરતાં ગભરાઇ ગયેલો તિર્થ પરિવારજનોને જાણ કરી તુરત જ ત્યાં પહોંચતા તેને પિતા રાજેશભાઇ દવા પીધેલી હાલતમાં મળ્યા હતાં. તુરત જ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન આજે મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આપઘાત કરનારા રાજેશભાઇ મારકણા એક બહેન અને બે ભાઇમાં વચેટ હતાં. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

વધુમાં જણવા મળ્યા અનુસાર તેઓ અગાઉ હુડકો ચોકડી પાસે ડિવાઇન ડાયમંડ નામે હીરાનુ કારખાનુ ચલાવતાં હતાં. જો કે આર્થિક સંકડામણને કારણે આ કારખાનુ થોડા સમય પહેલા બંધ કરવાની નોબત આવી ગઇ હતી. તેઓ વ્યાજમાં પણ ફસાઇ ગયા હોઇ તેના કારણે સતત ચિંતામાં રહેતાં હોઇ આ પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યું હતું. જો કે કોઇ ચિઠ્ઠી પરિવારજનોને મળી નથી. ત્યારે પરિવારજનોએ માંગણી કરી છે કે રાજેશભાઇનો મોબાઇલ ફોન પોલીસ તપાસ માટે જપ્ત કરી કોલડિટેઇલ વગેરે કઢાવે તો અમને ન્યાય મળી શકે. રાજેશભાઇના દિકરા તિર્થ મારકણાએ જણાવ્યું હતું કે-પપ્પાએ દવા પીધા બાદ મને ફોન કરતાં હું તુરંત ત્યાં પહોંચ્યો હતો. તેમને દવાખાને લઇ જતી વખતે રસ્તામાં તે થોડા ભાનમાં હોઇ મેં શા માટે આવુ કર્યુ? એમ પુછતાં તેણે વ્યાજખોરો હેરાન કરે છે એટલુ બોલ્યુ હતું. બાદમાં તેઓ બેભાન થઇ ગયા હતાં અને બેભાન હાલતમાં જ મોત થયું હતું. કોણ કોણ વ્યાજખોર હતાં? કેટલી રકમ હતી? શું ત્રાસ હતો? તેની તપાસ હવે આજીડેમ પોલીસ કરશે.

# ધરાર પ્રેમીના ત્રાસથી યુવતીએ પીધું ઝેર

## ગોંડલ રોડ વિસ્તારની કોલેજીયન છાત્રા સારવાર હેઠળ

રાજકોટ , તા. ૨૮

સોશિયલ મિડીયાથી યુવતિઓને ફસાવનારા અનેક હોય છે. વધુ એક કિસ્સામાં એક યુવતિને આવા માધ્યમથી ફ્રેન્ડ બનેલા શખ્સને કારણે દવા પીવી પડી છે. શહેરનાં ગોંડલ રોડ વિસ્તારમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી વીસ વર્ષની યુવતિએ ઉંદર મારવાની દવા અને ફિનાઇલ બંને પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી.

આપઘાતનો પ્રયાસ કરનાર યુવતિ એક ભાઇથી મોટી છે. તેના પિતા છુટક મજૂરી કરે છે. તેણીએ કહ્યું હતું કે છએક મહિના પહેલા મારો પરિચય ઇન્સ્ટાગ્રામ મારફત એક શખ્સ સાથે થયો હતો. પણ તે ખોટુ કરતો હોઇ તેમ લાગતાં મેં એકાદ મહિનાથી તેની સાથેના સંપર્ક કાપી નાંખ્યા છે. આમ છતાં તે ધરાર મિત્રતા રાખવાનું કહી ધમકી આપી હેરાન કરતો હોઇ જેના કારણે મેં આ પગલુ ભર્યુ હતું. પોલીસે ખરેખર શું બન્યું? યુવાન કોણ તેની તપાસ હાથ ધરી હતી.

# ‘મુરગા ગેંગ’ના ૨૧ સામે ગુજસીટોકનો ગાળિયો

## સંગઠિત ગુનાખોરી વિરૂદ્ધ પોલીસનું સૌથી મોટું પગલું: ડીસીપી જગદીશ બાંગરવાની ટીમની કાર્યવાહી: અગાઉ પેંડા ગેંગને આ કાયદા હેઠળ પાડી દીધી હતી




રાજકોટ , તા. ૨૮

રાજકોટ શહેર પોલીસ દ્વારા સંગઠિત ગુનાખોરી આચરતી ટોળકીઓ વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના એ.ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બે જૂથો વચ્ચે સામ-સામે ફાયરિંગની ગંભીર ઘટના બની હતી, જેના પગલે કાયદાનો ડર ફેલાવવો અનિવાર્ય બન્યો હતો. શહેર ક્રાઇમ બ્રાન્ચે ‘મુરઘા ગેંગ’ તરીકે ઓળખાતા કુલ ૨૧ સાગરીતો વિરુદ્ધ ‘ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એક્ટ-૨૦૧૫’ (ગુજસીટોક) હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. નોંધનીય છે કે, આ પહેલા ‘પેંડા કમ પરિયા ગેંગ’ સામે પણ ગુજસીટોક હેઠળ ગુનો નોંધાઈ ચૂક્યો છે, જે દર્શાવે છે કે રાજકોટ પોલીસ ગુનેગારોને છોડવા માંગતી નથી. આ કાર્યવાહી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાની સીધી સૂચનાથી કરવામાં આવી હતી.

ગેંગ લીડર સમીર ઉર્ફે મુરઘો પઠાણ અને તેના સાગરીતોનો ગુનાહિત ઈતિહાસ: આ ‘મુરઘા ગેંગ’નો મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે મુરઘો યાસીનભાઇ પઠાણ (રહે. જંગલેશ્વર, રાજકોટ) છે. સમીર પઠાણ છેલ્લા ઘણા વર્ષોથી પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને આ ગેંગ ચલાવી રહ્યો છે અને જાહેરમાં ફાયરિંગ કરી આમ નાગરિકોમાં ભયનું વાતાવરણ ઊભું કરતો હતો. ડી.સી.પી. (ક્રાઇમ) જગદીશ બાંગરવા સાહેબના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચે ગેંગનો ઝીણવટભર્યો ગુનાહિત ઇતિહાસ મેળવ્યો, જેમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ટોળકીએ સને ૨૦૧૫ થી ૨૦૨૫ દરમિયાન રાજકોટ શહેર અને આજુબાજુના જિલ્લાઓમાં ધાક જમાવવા માટે કુલ ૩૬ ગંભીર ગુનાઓ આચર્યા છે. આ ગુનાઓમાં મુખ્યત્વે પ્રાણઘાતક હથિયારો વડે ખુનની કોશિષ, જાહેરમાં ફાયરિંગ, ગેરકાયદેસર મંડળી રચી શરીર સંબંધિત ગુનાઓ, સરકારી અધિકારી/કર્મચારીઓની ફરજમાં રૂકાવટ અને ઇજા પહોંચાડવી, તથા આર્થિક ફાયદા માટે ગેરકાયદેસર આર્મ્સ (હથિયાર) અને એન.ડી.પી.એસ. (ડ્રગ્સ)નું વેચાણ કરવું જેવી ગંભીર પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ તમામ કૃત્યો G.C.T.O.C. Act-2015 ની કલમ ૨(૧)(સી)ની જોગવાઈ મુજબ સંગઠિત ગુનાની શ્રેણીમાં આવે છે.

નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવાની સૂચના હેઠળ, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત.બી.બસીયા (જેઓ આ કેસના તપાસનીશ અધિકારી પણ છે), તથા ડી.સી.બી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ, અને પો.સબ.ઇન્સ સી.બી.જાડેજાની ટીમે ગુપ્ત રાહે માહિતી મેળવી આ ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવાની દરખાસ્ત તૈયાર કરી હતી. આ કાર્યવાહીમાં કુલ ૨૧ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. તાજેતરમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૪ આરોપીઓ હાલ રાજકોટ શહેર એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનાના કામે જ્યુડીશયલ કસ્ટડીમાં છે, જેનો કબજો નામદાર કોર્ટમાંથી મેળવી ધરપકડ કરવામાં આવશે.

પકડાયેલા આરોપીઓ અને જ્યુડીશયલ કસ્ટડીમાં રહેલા આરોપીઓની વિગતો: ડી.સી.બી. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પકડાયેલા ૧૧ આરોપીઓમાં (૧) શાહજહા ઉર્ફે ગોટીયો સુલેમાનભાઇ ઉર્ફે કાળુ વશીર, (૨) ઇરફાન ઉર્ફે મુનો ઉર્ફે જીમી આમદભાઇ જુણાચ, (૩) તેજીમ રફીકભાઇ ફુફાર, (૪) મુજકીર ઉર્ફે મુજુડો દિલાવરભાઇ બ્લોચ, (૫) સરફરાજ ઉર્ફે સેફુડો ઇકબાલભાઇ ખેડારા, (૬) અહેમદ ઉર્ફે દુડી રફીકભાઇ બકાલી, (૭) સતાર ઉર્ફે મેંગણી સીદીકભાઇ દોઢીયા, (૮) અંજુમ ઇસ્માઇલ ખીયાણી, (૯) સમીર સીંકદર ચાનીયા, (૧૦) દિનેશ હકાભાઇ રીબડીયા, અને (૧૧) હમીઝ ઉર્ફે ભાણોનો સમાવેશ થાય છે. હારૂનભાઈ આમદભાઇ હેરંજા.

જ્યુડીશયલ કસ્ટડીમાંથી ટ્રાન્સફર થનાર ૪ આરોપીઓ આ મુજબ છે. (૧) સમીર ઉર્ફે મુર્ઘો યાસીનભાઇ પઠાણ (ગેંગ લીડર), (૨) શાહનવાજ ઉર્ફે નવાજ મુસ્તાકભાઇ વેતરણ, (૩) સોહીલ ઉર્ફ ભાણો સીંકદરભાઇ ચાનીયા અને (૪) સલમાન નનકેભાઇ ફકીર સામેલ છે.

પોલીસ દ્વારા આ ગુન્હાના કામે તમામ આરોપીઓની ગેરકાયદેસર વસાવેલ મિલકતો ટાંચમાં લેવા અંગેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. મુરઘા ગેંગ અને ’પેંડા ગેંગ’ દ્વારા આજીવિકા માટે અગાઉ પ્રોહીબીશનના ૯૨ ગુના, એન.ડી.પી.એસ.ના ૦૨ ગુના, અને જુગારના ૧૦ ગુના મળી કુલ ૧૦૪ ગુના દાખલ થયેલા છે. G.C.T.O.C. હેઠળની આ કાર્યવાહીથી સંગઠિત ગુનાખોરીની પ્રવૃત્તિઓ ઉપર કાયમી ધોરણે અંકુશ આવશે. આ મહત્વપૂર્ણ કાર્યવાહીમાં એ.એસ. આઇ ભરતભાઇ વનાણી, અશોકભાઇ કલાલ, રણજીતસિંહ પઢારીયા, તથા પોલીસ હેડ કોન્સ પ્રતીકસિંહ રાઠોડ, પો.કોન્સ પોપટભાઇ ગમારા વિગેરેએ પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### ચાર મહિના પહેલા થયેલી ક્રુર હત્યાનો ભેદ ખુલતાં બહાર આવી ચોંકાવનારી વિગતો

# કેટરર્સ સંચાલકની હત્યા કરી ચલાવાઈ'તી લૂંટ

## બે કર્મચારીઓએ જ શેઠનો ઘડો લાડવો કરી નાંખ્યો : રોકડા-દાગીના મળી સાડા ચૌદ લાખ લૂંટી ગયા : સુત્રધારને ઝડપી અન્ય એકની શોધખોળ

રાજકોટ, તા. ૨૮

એક ચોંકાવનારી મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ છે, કેટરર્સના સંચાલકની ચાર મહિના પહેલા હત્યા થઇ હતી. આ ઘટનાનો ભેદ ખુલ્યો છે. લૂંટ વિથ મર્ડરની આ ઘટનામાં આરોપીઓ હત્યાનો ભોગ બનનાર કેટરર્સ સંચાલકના જ કર્મચારી હોવાનું અને માલિકના મોઢામાં બટાટુ ભરાવી દઇ શ્વાસ રૂંધી નાંખી મોતને ઘાટ ઉતારી દઇ સાડા ચૌદ લાખની લૂંટ ચલાવાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ભરૂચ એ ડિવિઝન પોલીસે આશીર્વાદ સોસાયટીમાં ઓગસ્ટ મહિનામાં થયેલી કેટરર્સના માલિકની હત્યા અને લૂંટની ઘટનામાં એક આરોપીને ઝડપી પાડ્યો  છે. જે મુખ્ય આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું. આ સમયે મૃતકના પરિવબારજનોમાં આક્રોશ ફેલાયો હતો. રિકન્સ્ટ્રક્શન સમયે પોલીસની સામે જ પરિવાર આરોપી પર તૂટી પડ્યો હતો. ભરૂચમાં સ્ટાફે જ મોઢામાં બટાટું ઘુસાડી, હાથ-પગ બાંધીને કેટરર્સના માલિકની હત્યા કરી હતી. જે બાદ નવ લાખ રોકડ સહિતની લૂંટ કરી હતી. જે ઘટના બાદ પોલીસે એક આરોપીને ઝડપી લીધો હતો. આ ઘટનામાં ભેદ ઉકેલી એકને પકડી લેવાયો છે.

આ શખ્સના રીકન્ટ્રક શન વખતે પોલીસની સામે જ મૃતકનો પરિવાર આરોપી પર તૂટી પડ્યો હતો. હત્યારાને જોતાં જ મૃતકની પત્નિ લાકડી લઈ દોડી આવી હતી. જ્યારે પરિવારનો એક સભ્ય આરોપીને માર મારવા દોડી આવ્યો હતો. જો કે, પોલીસે સમયસૂચકતા વાપરી આરોપીને સલામત રીતે લઈ જવામાં આવ્યો હતો. આ ઘટના અંગે મૃતકની પુત્રી દુર્ગા પ્રકાશ માલીએ જણાવ્યું હતું કે મારા પપ્પાની હત્યા કરીને ગયેલા એ આરોપીને પોલીસે પકડી લીધા છે. એ લોકોએ મારા પપ્પાને ચા પીવડાવીને કોઈ દવા આપીને તેમનું મર્ડર કર્યું છે. બે લોકોએ હત્યા કરી હતી, તેમાંથી એક પકડાઈ ગયો છે તેને ફાંસીની સજા મળવી જોઈએ. અમારે ન્યાય જોઈએ છીએ. આરોપીને ફાંસીની સજા થઈ જોઈ બીજું કશું નથી જોઈતું.




મૃતકના ભાઈ ઈશ્વર માલીએ જણાવ્યું હતું કે પ્રકાશભાઈ જેનું મર્ડર થયું તે મારો મોટો ભાઈ હતો. તેની સાથે કામ કરવા વાળા બે કામદારોએ રાતના સમયે ચા માં નશીલો પદાર્થ આપીને બેભાન કરીને, ગળું દબાવીને મોઢામાં બટાકું નાખીને તેની હત્યા કરી હતી. જે બાદ ત્યાંથી લૂંટ કરીને ભાગી ગયા હતા. પોલીસે અમને વિશ્વાસ અપાવ્યો હતો કે, અમે તેઓને પકડીને લાવશું. ગુજરાત પોલીસે તેઓને યુપીથી પકડીને લાવી છે. ગુજરાત સરકાર પાસે વિનંતી છે કે આરોપીને ફાંસીની સજા થવી જોઈએ એ જ અમારી માગ છે.

વિશેષ વિગતો જોઇએ તો ભરૂચ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આશીર્વાદ સોસાયટીમાં સત્તરમી ઓગષ્ટના રોજ બનેલી પ્રકાશ પુનમારામ માલીની હત્યા અને લૂંટકાંડના કેસમાં પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. માનવ રિસોર્સ અને ટેકનિકલ ઈન્ટેલિજન્સના આધારે પોલીસે મુખ્ય આરોપી કમલાપ્રસાદ વર્માને ઉત્તરપ્રદેશમાંથી ઝડપી લીધો છે. જ્યારે બીજો આરોપી છોટકુ ઉર્ફે નફીસ ઉર્ફે સલીમ સદલુની શોધખોળ તેજ કરવામાં આવી છે. આશીર્વાદ સોસાયટીના રામદેવ કેટરર્સ ચલાવતા પ્રકાશ માલીની અજાણ્યા વ્યક્તિઓએ હત્યા કરી હતી. આરોપીઓએ પહેલા ચામાં ઉંઘવાની દવા પીવડાવી હતી. જે બાદ બંને હાથ-પગને ચિથરૂ વડે બાંધી, મોઢામાં બટાટું ઠુંસાડી તેની ઉપર સોફાના કવરનો ડુચો બાંધી નિર્દયીપણે હત્યા કરી હતી. હત્યાની ઘટનાને અંજામ આપ્યા બાદ બન્ને આરોપીઓએ ઘરમાંથી બે તોલાની સોનાની ચેઈન રોકડ મળી ચૌદ લાખ પંચાવન હાજરની લૂંટ કરી ફરાર થયા હતા. બાદમાં ઈકો કાર વડોદરા હાઈવે અકસ્માતગ્રસ્ત હાલતમાં મળી આવી હતી. જ્યારે આરોપીઓ ઈકો કાર મુકી લકઝરી બસ મારફતે નાસી ગયા હતા.

પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. પુછપરછ દરમિયાન આરોપી કમલાપ્રસાદે જણાવ્યું હતું કે, તેણે અને સલીમ સદલુએ મળીને પાંચ દિવસ પહેલાથી લૂંટની પૂર્ણ યોજના બનાવી હતી. પ્રકાશ માલીનો પરિવાર દેશમાં ગયો હતો તે સમયે બંનેએ પ્રકાશ માલીને ઉંઘવાની દવા પીવડાવી બેહોશ કર્યા હતો. ત્યારબાદ હાથ-પગ બાંધી મોઢામાં બટાટુ નાંખીને મોતને ઘાટ ઉતારી ઘરમાં રહેલી રોકડ અને દાગીનાની લૂંટ કરી ઈકો કાર લઈને ભાગી ગયા હતા. હજુ બીજા આરોપીની શોધખોળ થઇ રહી છે.

---

### ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી જે સારા હોય છે એની દશા સારી નથી હોતી!

# નવ મહિનામાં બબ્બે ભરથાર ગૂમાવતી પરણિતા

## એક મહિલાની કરૂણ કથનીઃ પ્રથમ પતિનું મોટરસાઇકલ સ્લીપ થવાથી મોત થયા પછી દિયરવટુ કર્યુઃ આ બીજા પતિનું પણ અગાઉના પતિની જેમ જ થયું મૃત્યુ!

રાજકોટ, તા. ૨૮



અમુક કિસ્સા એવા હોય છે જેમાં બધુ જોગાનુજોગ સામે આવતું હોય છે. એક પરિણીતાની કરૂણ કથની વાહન અકસ્માતની ઘટનાને પગલે સામે આવી છે.  કુદરત ખુદા પણ ક્યારેક એવા માણસોની કસોટી કરતો હોય છે જેની દશા પહેલેથી જ સારી હોતી નથી. કંઇક આવુ જ બન્યું છે એક પરિણીતા સાથે. નવ મહિના પહેલા એક દિકરીની માતા એવી આ મહિલાના પતિનું મોટરસાઇકલ સ્લીપ થઇ જવાને કારણે સર્જાયેલા અકસ્માતમાં મોત થયું હતું. દુઃખમાંથી હજુ બહાર પણ આવી નહોતી ત્યારે માવતર-સાસરીયા બંને પક્ષે મળી તેણીનો સંસારજીવન નવેસરથી આગળ વધે તે માટે દિયરવટુ કરાવ્યું હતું. પરંતુ પરિણીતાને ક્યાં ખબર હતી કે બીજા પતિનું સુખ પણ તેના નસીબમાં નથી! આ બીજા પતિનું પણ એવી જ રીતે મૃત્યુ થયું છે જે રીતે પહેલા પતિનું થયું હતું!

આ કરૂણ અને ગમગીનીમાં ધકેલી દેતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો  હળવદની એક પરિણીતા હાલત કફોડી થઇ ગઇ છે, તેના પર વજઘાત થયો છે. સાથે કુદરત જાણે રૂઠી ગઇ  હોય તેમ  એક પછી એક બંને પતિના વાહન અકસ્માતમાં મૃત્યુ થયું છે. ધ્રાંગધ્રાના કોંઢ ગામે માવતર ધરાવતી પાયલબેનનું સાસરૂ હળવદ ખાતે છે. તેના પ્રથમ પતિનું એક વર્ષ પહેલા વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ત્યારબાદ તેણીનું પરિવારજનોએ દિયરવટુ કરાવ્યું હતું. નાની દિકરી અને પોતાની જિંદગી સચવાઇ જાય એ માટે થઇને તેણે દિયરવટુ કરી નવી જિંદગી શરૂ કરી હતી. પરંતુ કોઇને ક્યાં ખબર હતી કે આ નવી શરૂઆતની સુખની પળોનો પણ ઝડપથી અંત આવી જશે! હાલમાં તેણી માવતરે હોઇ પતિ તેણીને તેડવા હળવદથી કોંઢ ગામે જતો હતો ત્યારે રસ્તામાં તેનું પણ વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. આમ બંને પતિને એક જ સરખી રીતના વાહન અકસ્માતમાં તેણીએ ગુમાવી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો હળવદમાં રહેતો છવ્વીસ વર્ષનો અમિતભાઇ જગદીશભાઇ પોકેણીયા હળવદથી બાઇક હંકારીને ધ્રાંગધ્રાના કોંઢ ગામે માવતરે આટો દેવા ગયેલી પત્નિ પાયલબેનને તેડવા જવા નીકળ્યો ત્યારે હળવદના ધવાણા ગામ નજીક પહોંચતા તેનું બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. સ્થાનિક હોસ્પિટલમાં સારવાર લીધા બાદ વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે સવારે મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, પ્રતાપભાઇ સહિતે હળવદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર અમિતભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટો હતો અને છુટક મજૂરી કરતો હતો.

આ બનાવમાં અત્યંત કરૂણ વાત એ છે કે  અમિતભાઇના મોટા ભાઇ વિપુલભાઇનું એક વર્ષ પહેલા બાઇક અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ પછી અમિતભાઇએ વિપુલભાઇના પત્નિ એટલે કે પોતાના ભાભી પાયલબેન સાથે દીયરવટુ કર્યુ હતું. પાયલબેનને આગલા ઘરની એક દિકરી છે. કરમકઠણાઇ કહો કે કુદરતની ક્રુરતા એક વર્ષ પહેલા પતિને ગુમાવનારા પાયલબેને બીજા લગ્ન દિયર સાથે કર્યા હતાં એ બીજા પતિનું પણ પ્રથમ પતિની જેમ વાહન અકસ્માતમાં મોત થતાં તેણી પર વજઘાત થયો હતો. ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, જે સારા હોય છે એની દશા સારી નથી હોતી...ની મુજબ આ ઘટનામાં મહિલાએ નવ મહિનામાં જ બબ્બે પતિ એક જ સરખા અકસ્માતમાં ગુમાવી દીધા હતાં. તો એક કુટુંબે બે સગા ભાઇઓને નવ મહિનાના ગાળામાં ગુમાવી દીધા હતાં. આ ઘટનાએ ગામમાં પણ ગમગીની ફેલાવી દીધી છે.

---

# 'માફ કરજો' લખી છાત્રાનો આપઘાત

## ગોકુલધામ પાસે છાત્રાલયમાં ગળાફાંસો ખાઇ લીધોઃ મુળ ચોટીલા પંથકની બાળાથી કોને દુઃખ લાગ્યું હતું? ચિઠ્ઠીમાં તેણે કોની માફી માંગી? આપઘાતનું રહસ્ય ઉકેલવા માલવીયાનગર પોલીસ કરશે તપાસ

રાજકોટ, તા. ૨૮

માણસના મનમાં ક્યારે શું આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. એક પળે હસતો હોય, ખુશ હોય અને બીજી જ ક્ષણે કે પછી થોડા જ કલાકોમાં તે આ દુનિયામાં જ ન હોય તો! આ પ્રકારની જ એક આત્મહત્યાની ઘટના સામે આવી છે જેમાં ૧૬ વર્ષની વિદ્યાર્થીનીએ બપોરે પિતા સાથે છાત્રાલયમાંથી ફોન જોડી હસી ખુશીની વાતો કરી હતી અને થોડા કલાકો બાદ રાતે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. કારણ શું હશે એ બહાર આવ્યું નથી. પણ તેણીએ એક ચિઠ્ઠી લખી છે તેમાં લખ્યું છે કે- મારાથી કોઇને દુઃખ પહોંચ્યું હોય તો માફ કરજો, મારા આત્માને શાંતિ મળશે, તેણીએ સહેલીની પણ માફી માંગી છે. અગીયારમાં ધોરણમાં ભણતી આ છાત્રાથી કોને દુઃખ પહોંચ્યું હશે? આ સવાલના જવાબમાં કદાચ આત્મહત્યાનું કારણ છુપાયેલુ હોઇ શકે!



રાજકોટ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી અગીયારમાં ધોરણની વિદ્યાર્થીનીનું પગલુ સૌને ચોંકાવી ગયું

ચકચાર જગાવતી આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરના ગોકુલધામ નજીક આવેલી છાત્રાલયમાં રહી લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયમાં અગીયારમા ધોરણમાં અભ્યાસ કરતી ચોટીલાના તાજપર ગામની ૧૬ વર્ષની છાત્રાએ મોડી રાતે છાત્રલાયના રૂમમાં આવેલા ખુણામાં લોખંડના એંગલમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પોલીસે નિયમાનુસાર પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને બાદમાં પરિવારજનોને મૃતદેહ અંતિમવિધી માટે સોંપ્યો હતો. ગોકુલધામ ક્વાર્ટર પાસે આવેલી ડાલીબાઇ કન્યા છાત્રાલયમાં આ ઘટના બની હતી.

અહિ રહેતી ચોટીલાના તાજપર ગામની રીન્કલ મનસુખભાઇ ગોરધનભાઇ ગાબુ નામની સોળ વર્ષની વિદ્યાર્થીનીએ મોડી રાતે બે વાગ્યા આસપાસ રૂમમાં ખુણાના ભાગે દિવાલમાં લોખંડનું એંગલ હોઇ તેમાં દૂપટ્ટો બાંધી દેહ લટકાવી દીધો હતો. તેણીના રૂમમાં સાથે જ રહેતી બહેનપણીની રાતે બે વાગ્યે ઉંઘ ઉડી ત્યારે રીન્કલને લટકતી જોઇ હેબતાઇ ગઇ હતી અને બૂમાબૂમ કરી મુકતાં ગૃહમાતા તથા બીજી છાત્રાઓ જાગી ગઇ હતી અને બધા રીન્કલના રૂમ તરફ દોડી આવ્યા હતાં. તુરત જ ૧૦૮ને બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે રીન્કલને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. ઘટનાની માલવીયાનગર પોલીસને જાણ થતાં આસી સબ ઈન્સ. એચ. ટી. પરમાર સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

એ પહેલા ગૃહમાતા દ્વારા બાળાના વાલીને પણ જાણ કરી દેવાઇ હોઇ તાજપરથી રીન્કલના પિતા મનસુખભાઇ ગોરધનભાઇ ગાબુ, માતા શોભનાબેન સહિતના પરિવારજનો રાજકોટ દોડી આવ્યા હતાં. પોલીસે તપાસ કરતાં રીન્કલે આપઘાત કરતાં પુર્વે એક ફુલ સ્કેપ ચોપડામાં સ્યુસાઇડ નોટ લખી હતી. જેમાં 'મારાથી કોઇને દુઃખ પહોંચ્યું હોય તો મને માફ કરો, મારા આત્માને શાંતિ મળે' તેવુ લખ્યું છે. આ ઉપરાંત બહેનપણીનું નામ લખી તેને પણ સોરી કહ્યું છે. ત્રણ લિટીની આ નોટ પોલીસે કબ્જે કરી છે. રીન્કલે આપઘાત શા માટે કર્યો તેની કોઇ વિગતો હજુ બહાર આવી નથી. રીન્બલ બે ભાઇ અને બે બહેનમાં ત્રીજી હતી. તેના પિતા મનસુખભાઇ ગાબુ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમણે કહ્યું હતું કે-અમે આ વર્ષે જ દિકરી રીન્કલને રાજકોટ ૧૧મું ધોરણ ભણાવવા લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયમાં  એડમીશન કરાવ્યું હતું.

આત્મહત્યા કરી લેનારી રીન્કલ છાત્રાલયમાં રહીને ત્યાંથી શાળાએ સીટી બસમાં આવ-જા કરતી હતી. હજુ ગઇકાલે બપોરે જ રીન્કલે છાત્રાલયના નિયમ અનુસાર ત્યાંના ફોનમાંથી મારી સાથે ફોનમાં વાત કરી હતી અને મને ખબર અંતર પુછ્યા હતાં. છાત્રાલયમાં દિકરીઓને ફોન રાખવાની મનાઇ છે. મારી સાથે વાત કરી ત્યારે તે જરા પણ દુઃખી હોય કે ચિંતામાં હોય તેવો અણસાર આવ્યો નહોતો. ત્યાં મોડી રાતે અમને દિકરીના આ કઠોર પગલાની જાણ થઇ હતી. અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદન સહિતની કાર્યવાહી કરશે. રીન્કલે ચિઠ્ઠીમાં જે ત્રણ લીટી લખી છે તેમાં તેનાથી કોઇને દુઃખ પહોંચ્યું હોય તો માફ કરજો એવુ લખ્યું છે. જો કે સોળ વર્ષની આ વિદ્યાર્થીનીએ કોઇને અને કઇ રીતે દુઃખ પહોંચાડ્યું હશે? ખરેખર આવુ કંઇ હશે કે પછી ભણતરનો ભાર તેનાથી નહિ વેંઢારાયો હોય? આ સહિતના પ્રૌ ઉકેલવા પોલીસ તપાસ કરી રહી છે. અંતિમવિધી બાદ પોલીસ મૃતકના વાલી, સ્વજનો, રૂમ પાર્ટનર, છાત્રાલયના ગૃહમાતા, મૃતકની બહેનપણીઓ સહિતની પૃછા કરી વિગતો મેળવવા પ્રયાસ કરશે.

---

# તળાવમાં ડૂબી જતાં માસુમનું મોત



## હરીપર પાળ ગામે બનાવઃ છ વર્ષનો દિકરો રમવા નીકળ્યો, માઁ શોધવા નીકળી ત્યારે લાશ મળી

રાજકોટ, તા. ૨૮

એક માસુમ બાળકને પાણીની ઘાત નડી ગઇ હતી. કાલાવડ રોડ પર આવેલા હરિપર પાળ ગામે રહેતાં પરિવારનો છ વર્ષનો દિકરો ઘરેથી રમવા નીકળ્યા બાદ ઘર પાછળ આવેલા તળાવમાં ડુબી જતાં મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના કાલાવડ રોડ પર હરિપર પાળ ગામે રહેતો છ વર્ષનો હંસ કાળુભાઇ સાલાણી નામનો બાળક સવારે ઘરની પાછળ રમતો રમતો તળાવમાં ડૂબી જતાં મોત થયું છે. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર હંસ એક બહેનથી નાનો અને માતા-પિતાનો એક જ દિકરો હતો. તેના પિતા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. સવારે હંસ રમવા નીકળ્યા બાદ માતા આશાબેન તેને શોધવા નીકળ્યા ત્યારે દિકરો તળાવમાં ડુબી ગયાની ખબર પડી હતી. બનાવથી પરિવારમા કલ્પાંત સર્જાયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

---

### ઓનલાઇન માધ્યમોનો દુરૂપયોગ કરી છેતરવાના વધુ એક કારસ્તાનનો પર્દાફાશ

# લાખોની લાલચ આપી છેતરતી ત્રિપુટી ઝડપાઈ

## ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત મુકી શિકાર ફસાવતાંઃ ભારતીય મનોરંજન બેંક, ભારતીય ચિલ્ડ્રન બેંકના માર્મોવાળી અસલી જેવી દેખાતી નોટોનો જથ્થો સહિત સાડા છ લાખનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ, તા. ૨૮

ઓનલાઇન ફ્રોડની ઘટનાઓમાં સતત નવા નવા કિસ્સા બનતા જ રહે છે. ઈન્સ્ટાગ્રામ પર એક લાખના ચાર લાખની જાહેરાત મુકી ફ્રોડ કરવાનું શરૂ થયું છે. આ રીતે ફ્રોડ કરતી ટોળકીના ત્રણ સાગ્રીતોને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. બીજી તરફ ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવી લેવાતાં એક વૃધ્ધે આપઘાત કરી લીધાની ઘટનામાં પોલીસે બે આરોપીને દબોચી લીધા છે. આ ટોળકીએ અન્ય એક વૃધ્ધને પણ ડીજીટલ એરેસ્ટ કરી અડધો કરોડ પડાવી લીધાની ચોંકાવનારી વિગતો ખુલી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ભચાઉ પોલીસે નકલી ભારતીય ચલણી નોટોનો ઉપયોગ કરીને છેતરપિંડી કરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ ઈન્સ્ટાગ્રામ પર લોકોને એક લાખના ચાર લાખ આપવાની લાલચ આપીને છેતરપિંડી કરતા હતા. પોલીસ સુત્રો દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ પીઆઇ એ.એ. જાડેજાને ખાનગી બાતમી મળી હતી ક જમનશા ભચલશા શેખ, નશીરશા અકબરશા શેખ અને યુનુસશા લતિફશા શેખ કે જે કનૈયાબે ભુજના વતની છે તે નકલી નોટોના બંડલ સાથે ભુજથી મોગલધામ કબરાઉ તરફ આવી રહ્યા છે. તેઓ સફેદ સ્વીટ ગાડીમાં હતા. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને છેતરપિંડીના ગુનાને અંજામ આપે તે પહેલા જ ત્રણેય આરોપીઓને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ભારતીય ચલણી નોટો જેવી દેખાતી  ભારતીય મનોરંજન બેંક અને ચિલ્ડ્રન બેંક ઓફ ઇન્ડિયા લખેલી નોટોના બંડલ મળી આવ્યા હતા.

તપાસને અંતે પોલીસે આરોપીઓ પાસેથી ૧૦૫ નકલી નોટોના બંડલ, ૧૨૫ અસલી ૫૦૦ રૂપિયાના દરની ચલણી નોટો કુલ બાંસઠ હજાર પાંચસો, એક સ્વીટ ગાડી પચાસ હજારની, એક ટ્રોલી બેગ એક હજારની અને પાંચ એન્ડ્રોઇડ મોબાઇલ કિમત રૂપિયા એંસી હજારનો જપ્ત કર્યા છે. આ રીતે કુલ છ લાખ તેતાલીસ હજારનો મુદ્દમાલ કબ્જેક રી પોલીસે જમનશા ભચલશા શેખ, નશીરશા અકબરશા શેખ  અને યુનુસશા લતિફશા શેખને પકડ્યા છે. ત્રણેય કનૈયાબ ભુજના રહેવાસી છે. ત્રણેય ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. આ આરોપીઓ ઈન્સ્ટાગ્રામ પર સાચી ચલણી નોટો બતાવીને લોકોને વિશ્વાસમાં લેતા હતા અને પછી એક લાખના ચાર લાખ આપવાની લાલચ આપીને નકલી નોટોના બંડલ પધરાવીને છેતરપિંડી કરતા હતા.



ડીજીટલ એરેસ્ટને કારણે આપઘાત કરનારા વૃધ્ધના કેસમાં બે ગઠીયા પિત્રાઇ ઝડપાયાઃ અન્ય એક વૃધ્ધ સાથે પણ કર્યુ હતું અડધા કરોડનું ફ્રોડ!

રાજ્યમાં પ્રથમ ડિજિટલ એરેસ્ટ દ્વારા ખેડૂતને કરોડો રૂપિયાના ફ્રોડની ધમકી અપાતા ખેડૂત વૃધ્ધે આપઘાત કરી લીધો હતો. વડોદરા પંથકના આ બનાવમાં બે આરોપી પકડાઇ ગયા છે. તેણે અન્ય એક વૃધ્ધ પાસેથી પણ અડધો કરોડ પડાવવામાં ભાગ ભજવ્યાનું ખુલ્યું છે.  ડભોઈના કાયાવરોહણ ગામે રહેતા પાંસઠ વર્ષીય અતુલભાઈ હિરાભાઈ પટેલે આપઘાત કરી લીધો હતો. ખેડૂતને રૂપિયા ચાલીસ  કરોડનું ફ્રોડની ધમકી આપી ડરાવ્યા હતા. આ મામલે ડભોઇ પોલીસે આખરે ફરિયાદ નોધી બે આરોપી એવા નિકુંજ પાનશેરિયા અને હેનિલ પાનશેરિયાને પકડી લીધા છે. આ અંગે જિલ્લા એસ.પી. સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, ડભોઇ પોલીસ મથકમાં એક અકસ્માતે મોત અંગેનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મરણ જનારે દવા પીને આત્મહત્યા કર્યાનું સામે આવ્યું હતું.

આ કેસમાં તપાસ માટે મૃતકનો મોબાઈલ જપ્તમાં તપાસ માટે મોકલતા તેના વિશે ઘણી માહિતી મળી છે અને અમુક અજાણ્યા નંબર્સ મળ્યા છે અને મેસેજીસ મળ્યા છે. આ માહિતી પરથી એવુ સામે આવ્યું છે કે, મૃતક ભૂતકાળમાં ડિજિટલ અરેસ્ટનો શિકાર બન્યો હતો અને તેના કારણે મૃતકે સુસાઈડનું જીવલેણ પગલું ભર્યું છે. આ ટ્રેલને શોધતા પોલીસ પાસે આરોપીનો એક નંબર જેના દ્વારા મૃતકનો સંપર્ક કરવામાં આવ્યો હતો, તે નંબર કંબોડિયાની અંદર એક્ટિવ છે. મૃતકના મોબાઇલનું ફોરેન્સિક કરતા જાણવા મળ્યું કે, આ ડિજિટલ એરેસ્ટનો ભોગ બનેલ છે. ડભોઇ પોલીસે આ કેસમાં તપાસ કરતા સુરતના પિતરાઈ ભાઈઓ સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં સુરતના પિતરાઈ ભાઈ નિકુંજ પાનસુરીયા અને કેનિલ પાનસુરીયાની સંડોવણી બહાર આવી છે. આ આખું ડિજિટલ એરેસ્ટનું કૌભાંડ કંબોડિયાથી ચાલે છે, પરંતુ સીમ કાર્ડ સુરતનું વપરાયું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

ઝડપાયેલા આરોપીઓ આંતર રાજ્ય તેમજ વિદેશમાં સીમકાર્ડ આપતા હતા. બંને આરોપીઓએ ૫૩૮ સીમકાર્ડ્સની વાત અન્ય આરોપી સાથે કરી હતી. આ ૫૩૮ સીમકાર્ડમાંથી ૪૩૮ સીમકાર્ડ તેમના દ્વારા ડિલીવર કરવામાં આવ્યા હતા. આ ૪૩૮માંથી જ એક સીમકાર્ડ દ્વારા આરોપીએ આ કૃત્ય આચર્યું હતું. બીજા નામ તપાસની અંદર પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે.

### પ્રેમના પંથે ચડનારા કાં તો આબાદ થઇ જાય કાં તો જિંદગી થઇ જાય બરબાદ

# પ્રેમી યુગલનો કેનાલમાં કૂદી આપઘાત

## સોળ વર્ષની બાળા સાથે પચાસ વર્ષના ઢગાનો બળાત્કારઃ બાળા સગર્ભા થતાં ભાંડો ફુટ્યોઃ હવસખોર થયો જેલભેગો

રાજકોટ, તા. ૨૮

પ્રેમના પંથે ચડનારા કાં તો બરબાદ થઇ જાય છે અને કાં તો આબાદ થઇ જાય છે. અનેક પ્રેમ કહાની એવી હોય છે જે લગ્ન સુધી પહોંચતી હોય છે. તો અમુક પ્રેમ કહીનનો અંતરીયાળ અંત આવી જતો હતો. ઘણીવાર પરણેલા પ્રેમી પંખીડા પણ ભાન ભુલી જઇ આગળ વધતાં હોય છે અને પછી આપઘાતનો માર્ગ પકડતાં હોય છે. વધુ એક ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે જેમાં પ્રેમી પંખીડાએ એકબીજાની કમરે દૂપટ્ટો બાંધી સજોડે કેનાલમાં ઝંપલાવી જીવ આપી દીધો હતો. જીવતે જીવ એક થઇને રહી નહિ શકાય તેવું લાગતાં સજોડે મોતનો માર્ગ પસંદ કરી લીધાનું સામે આવ્યું હતું.

આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કપડવંજની આ ઘટના છે. આ પ્રકારની ઘટનાઓ ઠેકઠેકાણે બનતી હોય છે. અહિ પ્રેમી પંખીડાએ કમરે દુપટ્ટો બાંધી કપડવંજ તાલુકાના આંબલીયારા ખાતેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવી મોત વહાલુ કરી લીધું હતું. આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, મોતનું કારણ બહાર આવ્યું નહોતું. સંભવતઃ સમાજ પરિવાર આ પ્રેમ નહિ સ્વીકારે તેમ લાગતાં કે પછી લગ્ન નહિ થઇ શકે તેવુ જણાતાં આ પગલુ ભર્યાની શક્યતા પોલીસને લાગી રહી છે. કપડવંજ ખાતે નર્મદા કેનાલ અવારનવાર ઝંપલાવવા કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે.

ત્યારે અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી મોતને વહાલુ કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં મૃતક યુવાનના મોટાભાઈ રાહુલભાઈએ જણાવેલી ગિતો અનુસાર જતીનકુમાર નવનિતભાઈ ઝાલા જે ઓગણીસ



વર્ષનો હતો અને હસમીતાબેન મોહનભાઈ રાઠોડ જે વીસ વર્ષની હતી આ બંનેને પ્રેમ સંબંધ હતો. આ પછી બંનેએ એકબીજાની કેડે દુપટ્ટો બાંધીને આબંલીયારા ખાતેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હતું. યુવાનનો પરિવાર જતીનની શોધખોળ કરતો હતો તે દરમિયાન આંબલીયારા કેનાલમાં ઝંપલાવ્યું હોવાનુ જાણવા મળતા યુવક-યુવતીને સ્થાનિક તરવૈયાઓ દ્વારા બંને કેનાલમાંથી કેડે દુપટ્ટો બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ બાબતે જાણ કરવામાં આવતા કપડવંજ ટાઉન પોલીસ ઘટનાસ્થળે પોલીસ પહોંચી હતી અને બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટમ ખાતે ખસેડયા હતા.

આશાસ્પદ યુવક-યુવતીના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. જોકે આત્મહત્યાનું કારણ હજુ અકબંધ છે. પોલીસ તપાસ બાદ યુવક-યુવતીના મોતનું સાચુ કારણ બહાર આવવાની શક્યતા છે.

અન્ય એક ચોકાવનારી ઘટનામાં વડોદરાના સાવલી તાલુકામાં સોળ વર્ષીય સગીરા પર પચાસ વર્ષના ઢગાએ દુષ્કર્મ આચરી લીધુ છે. તેની આ બળજરીને કારણે સગીરા ગર્ભવતી બની ગઇ હતી. પોલીસે આ હવસખોરને પકડીને જેલભેગો કર્યો છે. પોલીસ સુત્રોના કહેવા અનુસાર સાવલી તાલુકાના એક ગામની સોળ વર્ષીય સગીરા ખેતરમાં છૂટક મજૂરી કરવા જતી હતી. આ દરમિયાન પચાસ વર્ષીય આરોપીએ તેની એકલતા અને માસૂમિયતનો લાભ ઉઠાવ્યો હતો. તેણે સગીરાને પટાવી ફોસલાવીને તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ બાદ સગીરાની તબિયત બગડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

માતાએ પૂછપરછ કરતાં સગીરાએ જણાવ્યું હતું કે, તે જ્યાં કામે જતી હતી ત્યાંના -વીણ પરમાર નામના ઈસમે તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હતી. બાદમાં સગીરાએ એક બાળકને જન્મ આપ્યો હતો. આ ઘટનાની જાણ થતાં હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. સાવલી ઈન્સ. કે.જે. ચૌહાણે તાત્કાલિક કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં આ હવસખોર આરોપીને ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેને જેલભેગો કર્યો હતો.

# તેલ મિલના માલિક સાથે બે વેપારીની ૫.૪૫ લાખની ઠગાઈ

## મહેસાણા પંથકના વેપારીઓએ ત્રણ વાર છૂટક તેલ મંગાવી વિશ્વાસ કેળવીને તેલના 300 ડબ્બાના પેમેન્ટમાં બતાવી દીધો ઠેંગો

રાજકોટ, તા ૨૮

ગોંડલમાં રહેતા અને પતિની ગેરહાજરીમાં તેલ મીલ ચલાવતા મહિલા સંચાલક સાથે મહેસાણા પંથકના બે વેપારીઓએ 300 ડબ્બા તેલ ખરીદીને પેમેન્ટ બાબતે પાંચ લાખ ૫,૪૫,૬૯૮ રૂપિયાની છેતરપિંડી કર્યાની ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો નોંધી શોધખોળ આદરી છે.

ગોંડલમાં નાગડકા રોડ પર, આઈટીઆઈ પાછળ આવેલા રાજહંસ રેસીડેન્સીમાં રહેતા દીપકભાઈ હરિભાઈ શાહના પત્ની અલ્પાબેનએ ગોંડલ તાલુકા પોલીસમાં પોતાની સાથે છેતરપિંડી કરનાર મહેસાણા પંથકના બે વેપારી રાજેશ અમૃત પટેલ અને જીગ્નેશ રજનીભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે.

અલ્પાબેન ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ભોજપરા ગામમાં આવેલા અવધેશમાં મમતા ઈન્ડસ્ટ્રીઝના નામે મિલ ચલાવીને ખાદ્ય તેલનું વેચાણ કરે છે. તેમની મિલનો માલ જિલ્લા તેમજ જિલ્લા બહારથી આવતા ઓર્ડર મુજબ વેચાણ કરે છે. તેમના પતિ આજથી ૧૯-૨૦ વર્ષ પહેલા અવસાન પામ્યા હોવાથી હાલના દિવસોમાં તે તેલ મિલનો તમામ પ્રકારનો વહીવટ સંભાળે છે.

આજથી આઠેક મહિના પહેલા પટેલવાસ ગામ, કરસનપુરા તાલુકા, જીલ્લો કડી -મહેસાણાવાળા રાજેશ અમૃત પટેલનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તે રાંદલ કૃપા ટ્રેડિંગના નામની પેઢી માર્કેટ યાર્ડની બાજુમાં, શ્રીરામ શોપિંગ સેન્ટરમા ધરાવે છે અને પોતે પ્રોપરાઈટર છે. તેમજ જીગ્નેશભાઈ રજનીભાઈ પટેલ રહેવાસી(પટેલ વાસ) તેમના પાર્ટનર છે અને બેન્કિંગ કામગીરી કરે છે. તેઓ ખાદ્યતેલનો વેપાર કરે છે તેઓને ખાદ્યતેલની જરૂર પડશે ત્યારે તમારી પાસેથી તેલ મંગાવીશ તેવી વાત અલ્પાબેન સાથે વાતચીત કરી હતી. ત્યારે અલ્પાબેન તેઓને કહ્યું હતુ કે હું તમારા કહ્યા મુજબ ખાદ્યતેલનો જથ્થો મોકલાવી આપીશ.

બાદમાં રાજેશભાઈએ તેમની પાસેથી ૨૪મી એપ્રિલના રોજ તેમની પાસેથી તેલના ડબ્બા મંગાવ્યા હતા બીલની રકમ સમયસર મોકલી દીધી હતી .દરમિયાન ૧૦મી મેના રોજ અને ૨૯ મેના રોજ તેલના ડબ્બા મંગાવ્યા હતા. જેમનું પેમેન્ટ પણ રાજેશભાઈએ સમયસર આપી દીધું હતું. બે-ત્રણ વખતના વહેવારમાં નિયમિત પેમેન્ટ ચૂકવીને વિશ્વાસ ઉભો કરનાર આ બેલડીના રાજેશે ૧૫મી જુને અલ્પાબેનને ફોન કરીને ૧૫૦ તેલના ડબ્બા મોકલવા મોકલવા કહ્યું હતું. જેથી તેલનો આટલો જથ્થો ક્રિષ્નારાજ ટ્રાન્સપોર્ટની ગાડી નંબર જીજે૧૩ એએક્સ ૫૧૧૦માં મોકલી દીધો હતો. મોકલેલા માલની કિંમત રૂ. ૩,૧૯,૯૮૮ થતી હતી. તેલના ડબ્બા મોકલ્યા બાદ અલ્પાબેનએ તેમની બિલની રકમ માગી હતી ત્યારે સામેથી જવાબ મળ્યો હતો કે બે દિવસમાં તે પૈસા મોકલી દેશે.

ત્રણ ચાર દિવસમાં પણ પૈસા ન આવતા અલ્પાબેનને રાજેશના પાર્ટનર જીગ્નેશ પટેલને ફોન કરી બિલના પૈસા મોકલવાનું કહેતા જીગ્નેશ પટેલે પણ બે ચાર દિવસમાં મોકલી આપવાની ખાતરી આપી હતી. એટલું જ નહીં આ સમયે જીગ્નેશ પટેલે પણ પોતાને ૧૫૦ ડબ્બા તેલની જરૂર હોવાની વાત કહેતા અલ્પાબેનએ તેઓને પણ રૂ. ૩,૨૫,૭૧૦ના ૧૫૦ ડબા તેલ મોકલી આપ્યું હતું. આમ બંને પાર્ટનરો વચ્ચે તેલના 300 ડબા મોકલાવ્યા હતા. જેના રૂપિયા ૬,૪૫,૬૯૮ લેવાના થતા હતા.

અલ્પાબેનને પોતાના માલના બીલની ઉઘરાણી કરતા ૨૫મી જૂને એક લાખ રૂપિયા મમતા ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડસ્ટ્રીઝ નામની પેઢીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાયા હતા. અને રાંદલ કૃપા ટ્રેડિંગવાળા પાસેથી રૂ. ૫, ૪૫, ૬૯૮ રૂપિયા લેવાના હોય તે બાબતે રાજેશભાઈ અને જીગ્નેશભાઈને અવારનવાર ફોન કરતા તેઓએ કહ્યું હતું કે જીએસટીની રેડ પડી છે તેમજ તેમનું લેપટોપ તેમની પાસે છે. બેન્ક એકાઉન્ટ બંધ કરી દીધું છે, અને મારી દુકાન પણ બંધ છે. આવા અવારનવાર જુદા જુદા બહાના બતાવતા હોવાથી થોડા દિવસ અલ્પાબેનેએમને ફોન કર્યો ન હતો.

પોતાની સાથે વ્યવસાયિક સંબંધ ધરાવતા વેપારી હાલમાં મુશ્કેલીમાં છે તેવું માનીને અલ્પાબેને થોડા દિવસો સુધી ફોન નહોતો કર્યો પરંતુ ફરી ટ્રાય કરતા રાજેશભાઈનો ફોન સ્વીચ ઓફ આવતો હતો પરિણામે બીજા વેપારીને ફોન કરતા તેઓએ કહેલ કે તેમની પાર્ટી ઉઠી ગઈ છે અને ધંધો બંધ કરી ક્યાંક જતા રહ્યા છે.

આમ રાજેશ અને જીગ્નેશે 300 ડબ્બા તેલની બાકી રહેતી રકમ ચૂકવવામાં રીતસરના અખાડા ચાલુ કરતા તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું અલ્પાબેનને માલુમ પડ્યું હતું.આ બાબતે અલ્પાબેને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે બંને ચીટરની શોધખોળ આદરી છે.

### જામનગર રોડ નાગેશ્વરમાં બનાવ : ખજુર-ગોળના વેપારી હતાં

# જમતા જમતા વેપારી ઢળી પડ્યા

## 30 વર્ષના શિક્ષીકા અને ૩૨ વર્ષના ગૃહિણી ઘરે બેભાન થઇ ગયા પછી હોસ્પિટલમાં લીધા અંતિમશ્વાસ

રાજકોટ, તા ૨૮

દિલની દગાખોરીને કારણે મૃત્યુની ઘટનાઓ સતત વધી ગઇ છે. વયોવૃધ્ધ હોય તેની સાથે સાથે યુવાનો પણ હૃદય રોગના હુમલામાં જીવ ગુમાવી રહ્યા છે. આવી વધુ એક ઘટનામાં નાગેશ્વરમાં રહેતાં પાંત્રીસ વર્ષના યુવા વેપારીની દિલની ધડકન જમતાં જમતાં જ બંધ પડી જતાં તેમની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. અન્ય બે બનાવમાં શિક્ષીકા યુવતિ અને એક પરિણીતાના બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતા.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો જામનગર રોડ નાગેશ્વર સોસાયટી ભવાની ચોક અરિહંત એવન્યુ-૬૦૨ ખાતે રહેતાં જયદીપભાઇ પ્રકાશભાઇ દલાણી નામના પાંત્રીસ વર્ષના યુવાન બપોરે પોણા ત્રણેક વાગ્યે ઘરમાં જમી રહ્યા હતાં ત્યારે જમતાં જમતાં જ એકાએક ઢળી પડતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ અંતિમ શ્વાસ લઇ લેતાં પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના યુવરાજસિંહ પરમાર મારફત થતાં ગાંધીગ્રામના મયુરસિંહ જાડેજાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર જયદિપભાઇ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે પરાબજારમાં ગોળ-ખજુરનો વેપાર કરતાં હતાં. આ ઉપરાંત રામાપીર ચોકડી પાસે ખજુરનુ કારખાનુ પણ ચલાવતાં હતાં. હાર્ટએટેકને કારણે મૃત્યુ થયાનું જણાવાયું હતુ. આમ વધુ એક યુવાન માટે દિલ દગાખોર સાબીત થયું હતું.

અન્ય બે ઘટના જોઇએ તો



શહેરના ગોકુલધામ પાસે ગિતાંજલી સોસાયટી-૧માં રહેતાં 30 વર્ષના હેતલબેન વિનોદભાઇ ભાડેસીયા સવારે ચારેક વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર હેતલબેન ચાર બહેનમાં મોટા હતાં અને ઘર નજીક આવેલી સ્કૂલમાં શિક્ષીકા તરીકે નોકરી કરતાં હતાં. તેણીના પિતા વિનોદભાઇ ભાડેસીયા સુથારી કામ, લુહારી કામની મજૂરી કરે છે. તેમના કહેવા મુજબ દિકરી હેતલબેનને છાતીમાં કફ ભરાઇ ગયો હોઇ તેની સારવાર ચાલુ હતી. આજે અચાનક સવારે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. માલવીયાનગરના એએસઆઇ એચ. ટી. પરમાર સહિતે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજી ઘટનામાં ગોંડલ રોડ પર વાવડીમાં મનસુખભાઇ છાપીયા ટાઉનશીપમાં રહેતાં ૩૪ વર્ષિય રહનુમાબેન આદીલભાઇ ખેડારા ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાં વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર રહનુમાબેનના લગ્ન દસ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. પતિ આદિલભાઇ પ્રાઇવેટ નોકરી કરે છે. રેનુમાબેન સાંજે ઘરે બેભાન થઇ જતાં સાત વર્ષની દિકરીએ પપ્પાને ફોન કરી જાણ કરી હતી.

આ સાંભળી આદિલભાઇએ દિકરીને પડોશીઓને બોલાવવાનું કહ્યું હતું અને પોતે પણ પણ પહોંચ્યા હતાં અને પત્નિને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ સારવાર કારગત નીવડી નહોતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી. રેનુમાબેનને બ્લડપ્રેશરની બિમારી હોવાનું જણાવાયું હતું. મોતનું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ બહાર આવશે.

# યુવતીના ત્રાસથી છાત્રએ પીધું ફિનાઈલ

## ભણવા સાથે રિક્ષા ચલાવતાં યુવાનને મુસાફર તરીકે બેઠેલી યુવતિએ ફસાવ્યો

રાજકોટ, તા ૨૮

એક ઉલ્ટી ગંગા જેવા કિસ્સામાં યુવતિના બ્લેકમેઈલીંગથી હેરાનગતિથી કંટાળી યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો છે. રૈયાધાર ટાઉનશીપ સરકારી ક્વાર્ટરમાં રહેતાં અને એલએલબીમાં અભ્યાસ કરવાની સાથે સાથે રિક્ષા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં અનિલ રવજીભાઈ બેડવા નામના બાવીસવર્ષના યુવાને ફિનાઈલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. યુવતિની હેરાનગતીને કારણે તેણે પગલુ ભર્યાનું જણાવાયું હતું.




આપઘાતનો પ્રયાસ કરનારા આ યુવાનના પિતાએ આક્ષેપ કર્યો છે કે એક જેતપુર પંથકની યુવતિ જે તેના પતિને મુકીને રાજકોટ આવી છે તેણે મારા દિકરાની રિક્ષામાં મુસાફરી વખતે ફોન નંબરની આપ-લે કરી બાદમાં તેને ફસાવ્યો હતો. દિકરાને ખબર પડી જતાં તેણે રીલેશન પુરા કરતાં આ યુવતિ બ્લેકમેઈલ કરી ખોટી ફરિયાદ કરતી હોઇ કંટાળીને મારો દિકરો ફિનાઇલ પી ગયો હતો. અનિલ બેડવા બે બહેનનો એકનો એક ભાઇ છે. તેણે રાતે ફિનાઇલ પી લેતાં સારવાર માટે ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. અનિલના પિતા રવજીભાઇએ જણાવ્યું હતું કે ચારેક મહિના પહેલા મારો દિકરો રિક્ષાના ફેરા કરતો હતો ત્યારે યુવતિ તેમાં મુસાફર તરીકે બેઠી હતી.

બાદમાં તેણીએ પોતાને રોજ બરોજ બહાર આવવા-જવાનું હોય છે તેમ કહી પોતાના નંબર આપી મારા દિકરાના ફોન નંબર પણ લીધા હતાં. આ પછી બંને એક બીજા સાથે મેસેજમાં વાતો કરતાં હોઇ રિલેશનશીપ થઇ હતી. પણ બાદમાં મારા દિકરાને ખબર પડી હતી કે યુવતિ તેની સાથે ખોટુ કરી રહી છે આથી તેણે એકાદ મહિના પહેલા રિલેશન ખતમ કરી દીધા હતાં. આ પછી તે દોઢ લાખ રૂપિયા માંગી મારા દિકરાને હેરાન કરે છે અને યુનિવર્સિટી પોલીસમાં અરજી કરી મારા દિકરાને હેરાન કરે છે. આથી કંટાળીને તેણે ફિનાઇલ પીધુ હતું. પોલીસે આ આક્ષેપો મામલે તપાસ શરૂ કરી હતી.

### મ્યુઝિક સિસ્ટમ ધીમે વગાડવાનું કહેતાં માથાકુટ

# વૃધ્ધને ઢીકા મારી પતાવી દેતો પાડોશી!

## હત્યા કરી એ યુવાનને વીસ દિવસ બાદ બનવાનું હતું વરરાજો, પણ હવે ગયો જેલની સફરે

રાજકોટ, તા. ૨૮

હત્યાની અને મારામારી, તેમજ હત્યાના પ્રયાસની ઘટનાઓ રાજ્યમાં રોજબરોજ બનતી રહે છે. દરમિયાન એક ચોંકાવનારા બનાવમાં મ્યુઝિક સિસ્ટમ ધીમી કરવા મામલે એક વૃધ્ધને પછાડી દઇ પાડોશી યુવાને છાતીમાં બેફામ ઢીકાપાટા મારતાં તેના હૃદય ફેફસા ફાટી જતાં મોત થઇ ગયું હતું. હત્યાના આ ગુનામાં પોલીસે ત્વરીત કાર્યવાહી કરી આરોપી યુવાનને પકડી લીધો છે. આ આરોપીના વીસેક દિવસ બાદ લગ્ન થવાના હતાં. પરંતુ વરરાજો બની જાન લઇને જાય એ પહેલા તેને જેલની સફરે જવાની વેળા આવી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના ભરૂચ શહેરના દહેગામ વિસ્તારમાં બની છે. સામાન્ય બાબતે હત્યાની ઘટના સામે આવી છે. તેજ અવાજે સંગીત વગાડવા મુદ્દે પડોશીઓ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં બાંસઠ વર્ષીય આધેડનું મોત થયું છે. પાડોશમાં રહેતી યુવતી જોરથી મ્યુઝિક વગાડતી હોય આ આધેડ તેને સમજાવવા ગયા હતા, તે દરમિયાન બન્ને વચ્ચે તકરાર થઈ હતી. જે બાદ યુવતીના ફિયાન્સે આવી આધેડને ઢીંકાપાટુનો માર માર્યો હતો. જેથી આધેડનાં હૃદય-ફેફસાં ફાટી ગયાં હતા. આ મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આરોપી મહોમદ સોબાનનો ૨૩ દિવસ બાદ એટલે કે વીસમી ડિસેમ્બરના રોજ નિકાહ થવાના હતા, પરંતુ તે પહેલા જ મારામારીની ઘટનામાં તેની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત યુવતી અને કાયદાના સંઘર્ષમાં આવેલા એક સગીર સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ સુત્રોએ વધુમાં કહ્યું કે દહેગામ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલા શુકુન બંગ્લોઝમાં રહેતા બાંસઠ વર્ષીય ઐયુબ ઇબ્રાહિમ ગુરુજી અને તેના પાડોશમાં રહેતી યુવતી ગજાલાબાનું મન્સુરી વચ્ચે તેજ અવાજે મ્યુઝિક વગાડવા બાબતે તકરાર થઈ હતી. પાડોશી યુવતી સતત તેજ અવાજે સાઉન્ડ સિસ્ટમ વગાડતા હતા. જેથી ઐયુબભાઈએ અવાજ ધીમો કરવા જણાવ્યું હતું. જોકે. આ વાતને લઈ બંને પરિવારો વચ્ચે તકરાર શરૂ થઈ હતી, જે થોડા જ સમયમાં મારામારીમાં પરિણમી હતી. આ



તકરાર વધતાં જ ગજાલાબાનું મન્સુરીએ પોતાના મંગેતર મહોમદ સોબાન ઈમ્તિયાઝ શેખને ફોન કરીને બોલાવ્યો હતો. ઘટના સ્થળે પહોંચેલા મહોમદ સોબાન ઈમ્તિયાઝ શેખે ઐયુબભાઈને છાતીના ભાગે ઢીકાપાટુનો માર માર્યો હતો.

ત્યારબાદ ઐયુબભાઈ ફરિયાદ નોંધાવવા તાલુકા પોલીસ મથકે પહોંચ્યા હતા, જ્યાં પોલીસ મથકે જ તેઓ અચાનક ઢળી પડ્યા હતા. જેથી તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો ન હતો. માર મારવાના કારણે તેમના હૃદય અને ફેફસાં ફાટી ગયા હતાં. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, ઐયુબભાઈને માર મારવાના કારણે તેમના હૃદય અને ફેફસાં ફાટી ગયા હતા, જેના પરિણામે આંતરિક રક્તસ્ત્રાવથી તેમનું મોત થયું હતું. આ મામલે તાલુકા પોલીસ મથકના પોલીસ ઈન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલાએ મુખ્ય આરોપી મહોમદ સોબાન ઈમ્તિયાઝ શેખને ઝડપી પાડી તેની સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

આ મામલે ભરૂચ એસટીએસસી સેલના ડીવાયએસપી ડૉ.અનિલ સીસારાએ જણાવ્યું હતું કે, મ્યુઝિક સીસ્ટમનો અવાજ ધીમો કરવા બાબતે બે પાડોશીઓ વચ્ચે મારામારી થઈ હતી. ઐયુબ ગુરજી સાથે તકરાર થઈ હતી. જેમાં આરોપીએ ઐયુબભાઈને ગંભીર રીતે ઢીકા પાટુંનો માર માર્યો હતો. જેના કારણે તેમના હૃદય અને ફેફસા ફાટી જવાથી લોહી નીકળી જતાં તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે તાલુકા પોલીસે ગુનો નોધી મુખ્ય આરોપી મહોમદ સોબાન શેખને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગજાલાબાનું મન્સુરી સહિત કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર સામે પણ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

હત્યા પાછળ કારણ જણાવતાં મૃતકના ભાઈ યાકુબ ગુરુજીએ કહ્યું કે મારા ભાઈની સામે રહેતા વ્યક્તિ રોજ તેની મ્યુઝિક સીસ્ટમ વધારે અવાજ સાથે વગાડે છે જેથી તેમને ભાઈ ઓછા અવાજે વગાડવાનુ કહેવા જતા બંને વચ્ચે તકરાર થઈ હતી. તે સમયે યુવતીનો મંગેતર ત્યાં જ નજીકમાં રહેતો હાઇ આવીને મારા ભાઈની છાતીમાં ઢીકા-પાટા માર્યા હતાં.જેથી અન્ય લોકોએ તેમને છોડાવીને ભાઈને લઈને તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ આપવા પહોંચ્યા હતા જ્યાં તે વાત કરતા જ ઢળી પડ્યા હતા, જેથી તેમને રિક્ષામાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતા, પરતુ તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જેથી છાતીમાં ફેંટો મારવાથી મારા ભાઈનું મોત નિપજ્યું હતું. આમ નહિ જેવી તકરાર હત્યા સુધી પહોંચી હતી અને જેને વરરાજા બનવાનું હતું તે મર્ડરનો આરોપી બની ગયો હતો.

### કાયમ કોઈ ને કોઈ વિવાદમાં ફસાયેલી રહેતી મહાનગરપાલિકા હવે ખાતર માથે દિવો કરી રહીં છે

# બ્લેક લિસ્ટેડ એબેલોનને ૨૫ કરોડનું ટેન્ડર!

## નાકરાવાડી ડમ્પિંગ સાઈટ પર વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનો કોન્ટ્રાક્ટ લેનારી એજન્સી કામ અધૂરું મૂકીને જતી રહી છતાં ન તો પેનલ્ટી થઈ કે ન તો કંપની બ્લેક લિસ્ટ થઈ

## મોટા કદના રાજનેતા કંપની સાથે જોડાયેલા હોય મનપાએ ખોટ ખાઈને કંપનીને શિરપાવ રૂપે રૂપિયા ૨૫ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ કરી દીધુંઃ પ્રજાનાં પૈસે કોનાં બાપની

રાજકોટ, તા. ૨૮

કાયમ કોઈ ને કોઈ વિવાદમાં ફસાયેલી રહેતી મહાનગરપાલિકા મોટા ગજાના રાજનેતા સાથે જોડાયેલી કંપની નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ માટે કરાર કર્યા બાદ કંપનીએ હાથ ઉંચા કરી દીધા પછી પણ, મહાનગરપાલિકાએ નિયમાનુસાર ન તો આ કંપનીને પેનલ્ટી કરી છે કે ન તો બ્લેક લિસ્ટ! ઉલ્ટાનું નવેસરથી આ કામ શરૂ કરવા ₹ ૨૫ કરોડનું ટેન્ડર બહાર પાડી ખાતર માથે દિવો કરી રહીં છે.



તત્કાલીન કમિશનર દેવેન્દ્ર દેસાઈએ કચરાના નિકાલ માટે ₹ ૧૧૦૦ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું એ પહેલાંથી નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે એકત્ર થતાં શહેરભરના કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ શરૂ કરાયો હતો. આ કામ એક મોટાં ગજાના રાજનેતા સાથે સંકળાયેલી એબેલોન કંપનીને અપાયો હતો. આ કંપનીને રાજનેતાના જોરે જૂનાગઢ, જામનગર, સુરત, વડોદરા સહિત અન્ય મહાનગરપાલિકામાં પણ કામ મળ્યું હતું

મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નાકરાવાડી ડમ્પિંગ સાઈટ પર જે તે સમયે પડેલાં લગભગ ૧૫ લાખ ટન કચરાને અલગ અલગ કરી જે તુરંત સળગે તેવો કચરો હોય તેમાંથી વિજળી ઉત્પન્ન કરવાની આ યોજના હતી.

એબેલોન કંપનીને ૧૦ વર્ષનાં સમયગાળા માટે આ કોન્ટ્રાક્ટ અપાયો હતો. પણ ૨૦૧૩ પછી આ કામ કોઈ ને કોઈ કારણસર ડખ્ખે ચડતું રહ્યું હતું આખરે કંપનીએ હાથ ઉંચા કરી કામ અધૂરું મૂકી દીધું છે. જામનગરમાં કામ મળ્યા છતાં તો એજન્સી એ પ્લાન્ટ જ શરૂ કર્યો નહોતો. રાજકોટે સ્વચ્છતા સર્વેક્ષણમાં જેના કારણે અવારનવાર થપાટ ખાધી છે અને ગ્રિન ફિલ્ડ ટ્રીબ્યુનલે રૂ.૨૨ કરોડોનો દંડ પણ ફટકાર્યો છે. તે નાકરાવાડી ડમ્પીંગ સાઈટમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવા માટે એબેલોન કંપનીએ સાત વર્ષ જેવો સમયગાળો બગાડયા બાદ કામ છોડીને પલાયન થઈ ગયા છતાં મહાનગરપાલિકાએ કંપની સામે ઘૂંટણિયે પડી હવે વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ માટે ફરીથી એંકડો ઘૂંટવા રૂ.૨૬ કરોડનું ટેન્ડર બહાર પાડયું છે. લાંબા સમયથી બંધ પડેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટને ફરીથી કાર્યરત કરવા માટે આ વખતે સરકારની ગ્રાન્ટમાંથી કામગીરી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવીને દસ વર્ષ સુધી સંચાલન અને જાળવણી સહિતની કામગીરી માટે એજન્સીઓને આમંત્રીત કરાઈ છે. ૨૦૧૯માં એબેલોન કંપનીને પીપીપી ધોરણે આ કામગીરી સોંપાઇ હતી અને રૂ.૨૦૦ કરોડની ફાળવણી પણ કરી દેવાઈ હતી. નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે ઠલવાતા આખા રાજકોટના કચરાનો યોગ્ય નિકાલ કરીને વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવા મહાનગરપાલિકાએ ૨૦૧૯માં એબેલોન કંપની સાથે પીપીપી યોજના હેઠળ કરાર કર્યો હતો. નાકરાવાડીમાં પડેલો કચરો વાપરીને પાવર ઉત્પાદન કરવા માટે એબેલોન કંપનની જવાબદારી સોંપાયા બાદ લાંબા સમય સુધી કામ શરૂ થતાં નાકરાવાડીમાં એકત્ર થયેલા કચરામાંથી દૈનિક ૧૦૦૦ ટન ઘન કચરાનો આ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ હેઠળ નિકાલ કરવા કંપની સાથે કરાર કરાયા હતા. પણ, એબેલોન કંપનીએ કરાર મુજબ કામ ન કરતાં ઘન કચરાનું પ્રમાણ વધતું ગયું હતું. આ કારણે નાકરાવાડી ગામના લોકોએ પર્યાવરણને નુકસાન સહિતની બાબતોને આગળ ધરીને પુનાની ગ્રીન ફિલ્ડ ટ્રીબ્યુનલમાં કેસ કરતાં મહાનગરપાલિકાને રૂ.૨૨ કરોડનો દંડ થયો છે. એબેલોન કંપનીએ સમયસર કામ ન કરતાં અને ગ્રિન ફિલ્ડ ટ્રીબ્યુનલે રૂ. ૨૨ કરોડનો દંડ કર્યા બાદ મહાનગરપાલિકાએ સ્વચ્છતા સર્વેક્ષણમાં વારંવાર પછડાટ ખાધી અને એબેલોન કંપનીના વિશ્વાસમાં સાત વર્ષ બગાડયા બાદ હવે મહાનગરપાલિકા ફરીથી કસરત આરંભી છે .

કચરાનો અન્ય જગ્યાએ નિકાલ કરવા માટે ટેન્ડર પણ બહાર પાડી દીધા હતા. જો કે, હાલમાં નાકરાવાડી ખાતે જ કચરાનો નિકાલ થાય છે. એબેલોન કંપનીએ નિયમાનુસાર કામ ન કરવા છતાં મહાનગરપાલિકાએ આજ સુધી આ એજન્સીને ન તો દંડ કર્યો છે કે ન તો બ્લેકલિસ્ટ કરી છે. આ માટે મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની જવાબદારી સંભાળતા ઉચ્ચ અધિકારીઓ અને શાખા અધિકારીઓ એવું બહાનું બતાવી રહ્યા છે કે એબેલોન કંપનીએ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું ૭૦ ટકાથી વધુ કામ કર્યું છે. પણ પછી ફંડના અભાવે કામ અટકી ગયું છે. આ કામમાં મહાનગર પાલિકાએ જમીન અને પાણી આપવાના હતા અને જે કચરામાંથી જે વીજળી ઉત્પન્ન થાય તે કંપનીને મળવાની હતી. જ્યારે ૨૦૧૯માં કંપની સાથે કરાર થયો ત્યારે રૂ. ૨૭૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. અને ૨૦૧૯માં કંપનીને વર્ક ઓર્ડર અપાયો હતો.એબેલોન કંપની સાથે માર્ચ ૨૦૨૫ સુધીનો કરાર થયો હતો. પણ કંપનીએ અમદાવાદ, વડોદરા અને સુરત બાદ રાજકોટમાં પણ પ્લાન્ટ બંધ કરી દીધો છે.

હવે રાજકોટના નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે ૧૦ વર્ષના સમયગાળા માટે ૨૫૦ ઝડ્ઉ ક્ષમતાવાળા મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ ટુ કમ્પોસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટની ડિઝાઈન, નિર્માણ, બાંધકામ, કમિશનિંગ, સંચાલન અને જાળવણી માટે ફરીથી રૂ.૨૬ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. સંબંધિત એજન્સીઓએ ૨૫૦ ઝડ્ઉ ક્ષમતા ધરાવતા મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ ટુ કમ્પોસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટના ડિઝાઇન, બિલ્ડ, ઈરેક્શન, કમિશનિંગ માટે ફેસ ૧માં છ મહિના (ચોમાસા સહિત) ટિપિંગ ફ્લોર, વેઈજ બ્રિજ રૂમ સાથે વેઈજ બ્રિજ, એડમિન બિલ્ડીંગ, સ્ટાફ પાર્કિંગ, યુ.જી. ટાંકી, કમ્પાઉન્ડ વોલ (૨.૫ મીટર ઊંચાઈ), ૧૨ મેટ્રિક ટન પહોળાઈનો સી.સી. રોડ, સિક્યુરિટી બિલ્ડિંગ સાથેનો મુખ્ય દરવાજો, સ્ટ્રીટ લાઈટ, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ, પ્લાન્ટ ઇલેક્ટ્રિકલ વર્ક ઈરેક્શન અને કમિશનિંગ અને તમામ સંબંધિત વાહનો સહિત પ્રાથમિક ટ્રીટમેન્ટ સુવિધા ધરાવતા ટ્રોમેલ્સ દ્વારા

યુનિટનું બાંધકામ અને કમિશનિંગનું કામ કરવાનું રહેશે. જ્યારે ફેસ -૨માં ૬ મહિના (ચોમાસા સહિત) રિફાઇનમેન્ટ યુનિટનું બાંધકામ અને કમિશનિંગ અને કચરાને ખાતર અને છઉઋ સ્ટોરેજ એરિયા, રિસાયકલેબલ સ્ટોરેજ એરિયા, ફિનિશ્ડ ખાતર અને પેકિંગ સ્ટોરેજ, માટી સ્ટોરેજ એરિયા, લીચેટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જનરેટર રૂમ અને ઇલેક્ટ્રિકલ રૂમ, વોશિંગ એરિયા, લેબર ટોઈલેટ, જમીન વિકાસ, પ્લોટ ગ્રીન બેલ્ટ, સ્ટોર્મ વોટર ડ્રેઈન, ફાયર ફાઇટિંગ સિસ્ટમ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, વોટર સપ્લાય સિસ્ટમ, સીવરેજ સિસ્ટમ, પ્લાન્ટ ઇલેક્ટ્રિકલ વર્ક ઈરેક્શન અને કમિશનિંગ અને તમામ સંબંધિત વાહનો સાથે) ખજ્ઞના કુલ જથ્થાના ટ્રીટમેન્ટ માટે પ્લાન્ટના કમિશનિંગ અને ઓપરેશનની તારીખથી ૧૦ વર્ષમાં આ કામગીરી કરવાની રહેશે. વર્કઓર્ડર જારી કર્યાના ૧૫મા દિવસથી બાર મહિનાના સમયગાળો પૂર્ણ થયા પછી દરરોજ રૂ. ૭૫,૦૦૦. જો વિલંબ ૬૦ દિવસથી વધુ હોય, તો છખઈ સિક્યોરિટી ડિપોઝિટ જમ કરવા સાથે કરાર સમામ કરશે.

### તત્કાલીન ચેરમેન અને અધિકારીઓ પ્લાન્ટના અભ્યાસ અર્થે સિંગાપોર આંટો મારી આવ્યા હતા

વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ કેવી રીતે કામ કરે છે તેના 'કથિત અભ્યાસ' માટે જે તે સમયના સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલ, ડે.કમિશનર ચેતન નંદાણી, તત્કાલીન પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર વગેરેની કમિટી બનાવવામાં આવી હતી અને આ કમિટી સિંગાપોરની સફરે પણ જઈ આવી હતી. આ પછી ફંડ નથી તેવા બહાને આ પ્લાન્ટનું કામ ધીમું પાડી દેવાયું હતું. સમયસર ફંડ ન મળવાને કારણે એબેલોન કંપનીએ કામ બંધ કરી દીધું હતું હવે ફરીથી રૂ.૨૬ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ કરાયું છે.

### ડમ્પિંગ સાઈટ પરથી વિજળી ઉત્પન્ન કરવા એબેલોન કંપની સાથે કરાર કર્યો હતો

મહાનગરપાલિકાએ ડમ્પિંગ સાઈટ પરથી વિજળી ઉત્પન્ન કરવા એબેલોન કંપની સાથે કરાર કર્યો હતો. આ રીતે બાયો ગેસ પ્લાન્ટ શરૂ કરવા માટે અદાણી ગ્રૂપ સાથે કરાર કર્યો હતો. પણ અદાણી ગ્રૂપ દ્વારા બે વર્ષથી પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો નથી તેમ જાણવા મળ્યું છે.

### આ છે લિવેબલ રાજકોટ

# છ મહિનામાં ૫૦૦ કરોડના જ વિકાસ કાર્યો

## બજેટમાં સુચવાયેલા અને બાકી રહી ગયેલા ₹ ૧૨૯૦ કરોડનાં કામો ત્રણ મહિનામાં પુરાં કરવા તંત્ર ઉંધા માથે

રાજકોટ, તા. ૨૮

મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુચવાયેલા રૂ.૧૭૯૦ કરોડના વિકાસકામો સામે નાણાંકિય વર્ષના પહેલા છ મહિનામાં રૂ.૫૦૦ કરોડના જ વિકાસકામો થયા છે. એક તરફ મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રની તૈયારી કરવા માટે હોમવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે, હવે નાણાંકિય વર્ષના બાકી રહેલા આઠ માસમાં રૂ.૧૨૯૧ કરોડના વિકાસ કામો પુરા કરવા માટે તંત્ર ઉંધા માથે થયું છે.

મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક બજેટમાં કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલા રૂ. ૧૭૯૦ કરોડના વિકાસકામો પુરા કરવા મથામણમાં પડી છે. મહાનગરપાલિકાએ પોતાની વેબસાઈટ પર જાહેર કરેલા હિસાબી ખર્ચ સહિતના આંકડાઓ એવું દર્શાવે છે કે, નાણાંકિય વર્ષમાં કુલ રૂ. ૧૭૯૦ કરોડના વિકાસકામો (કેપિટલ ખર્ચ)ના લક્ષ્યાંક સામે છ માસમાં રૂ.૫૦૦ કરોડના કામ થયા છે. મહાનગરપાલિકા દ્વારા નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬માં સમાવેશ કરાયેલાં નાનામોટા તમામ પ્રોજેક્ટસ અને અન્ય કાર્યો પુરા કરવા 'ગંભીરતાપુર્વક પ્રયાસ થઈ શકે ' તે માટે બજેટ અમલીકરણ યુનિટની રચના કરવાની અને સમયાંતરે બજેટના કામની સમિક્ષા કરવાની જાહેરાત કરવામાં આવી હતી.



અલબત કામોની સમિક્ષા કરવામાં આવે છે પણ, જે રાઈઝિંગ રાજકોટ' અને 'લિવેબલ રાજકોટ'ના ગવાયેલા ગાણાં જેટલા કામ થયા નથી. કમિશનર તુષાર સુમેરાએ નાગરિકોની અપેક્ષા સંતોષવા રૂ.૧૭૯૦ના વિકાસકામો અને કેપિટલ ખર્ચ સહિત રૂ.૩૧૧૨.૨૮ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી અર્થે મુક્યું હતું. સ્થાયી સમિતિએ કમિશનર દ્વારા સુચવાયેલા રૂ.૧૫૦ કરોડનો કરબોજ ફગાવી દઈને રૂ.૫૫.૯૨ કરોડની ૨૦ નવી યોજનાઓ અને કરકસરના ભાગરૂપે મહેસુલી ખર્ચમાં કાપ મુકી રૂ. ૩૧૧૮.૦૭નું બજેટ મંજૂર કર્યું હતું.

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુચવાયેલા વિકાસકામોની પ્રગતિ જાણવા અને કામ ક્યાં તબક્કામાં છે તે જાણવા અવારનવાર રિવ્યુ મિટિંગ યોજવામાં આવે છે આમછતાં પણ, ગત એપ્રિલથી શરૂ થયેલા નાણાંકિય વર્ષથી કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલા કુલ રૂપિયા ૧૭૯૦ કરોડના વિકાસકામોના લક્ષ્યાંકમાથી માત્ર ૫૦૦ કરોડના કામ જ થયા છે. હવે નવા નાણાંકિય વર્ષ આડે હવે ચાર મહિના પણ રહ્યા નથી ત્યારે રૂ.૧૨૯૧ કરોડના કામ કેવી રીતે પુરાં થશે ? તેની મુંઝવણ અધિકારીઓ અનુભવી રહ્યા છે. વિકાસકામોને ગતિ આપવા માટે તંત્ર ઉંધા માથે થયું છે.

### જમીન વેંચાણ દ્વારા રૂ.૭.૪૦ કરોડના લક્ષ્યાંક વાત ગપગોળો સાબિત

મહાનગરપાલિકાના અલગ અલગ જગ્યાએ આવેલા પ્લોટનું વેંચાણ કરીને વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ.૭.૪૦ કરોડની આવક ઉભી કરવાનો લક્ષ્યાંક મુકાયો હતો. આ સામે એકપણ પ્લોટનું વેંચાણ થયુ નહોય રૂ. ૭.૪૦ કરોડનો લક્ષ્યાંક પુરો કરવો અઘરો છે. બજેટમાં ટાંગામેળ કરવા જમીન વેંચાણનો લક્ષ્યાંક મુકાયો હતો. પણ કામ થયુ નથી. આવી જ રીતે લીઝ પર પ્લોટ આપીને રૂ. ૬ કરોડની આવક ઉભી કરવાનો લક્ષ્યાંક દેખાડાયો છે આ યોજનામાં મનપા આગળ વધી ન હોય આ આવક પણ ગુમાવવી પડે તેવી સ્થિતિ છે.

# સફાઈ કામદારોના રાજીનામા-ભરતી મુદ્દે રેલી

## મેયરની ચેમ્બરને ઘેરી લઈ પંદર દિ'માં નિર્ણય ન લેવાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી

રાજકોટ, તા. ૨૮

વાલ્મિકી સમાજ દ્વારા લાંબા સમયથી ટલ્લે ચડેલા સફાઈ કામદારોની ભરતી સ્વૈચ્છિક રાજીનામા અને વારસદારોને નોકરી મુદ્દે આજે જંગી રેલી કાઢીને મહાનગરપાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કરી મેયર ચેમ્બરને ઘેરાવ કરવામાં આવ્યો હતો. સફાઈ કામદારોની ભરતી મુદ્દે જો પંદર દિવસમાં નિર્ણય નહીં લેવાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી હતી. સફાઈ કામદારોની રેલીના કારણે મહાનગરપાલિકા કચેરી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી.

વાલ્મીકિ સમાજના પ્રમુખ મુકેશભાઈ પરમારની આગેવાની નીચે આજે સફાઇ કામદારોએ જંગી રેલી કાઢી મહાનગરપાલિકા કચેરીમાં હલ્લાબોલ કર્યો હતો. અને મેયર નયનાબેન પેઢડિયાની ચેમ્બરને ઘેરી લીધીહતી. આગેવાનોએ આવેદનપત્ર આપીને મહાનગરપાલિકામાં સફાઈ કામદારોની ભરતી અને સ્વૈચ્છિક રાજીનમા આપી વારસદારને નિમણુંક આપવાની માગણી કરી હતી. આવેદનપત્રમાં જણાવાયા મુજબ રાજકોટ મ મહાનગરપાલિકામાં અમદાવાદ, વડોદરા, સુરત સહિતની અન્ય મહાનગરપાલિકાઓની જેમ જે સફાઈ કામદારો સ્વૈચ્છિક રાજીનામા આપે તેના વારસદારને નોકરીએ લેવાનો નિયમ અમલમાં છે. પરંતુ છેલ્લા ચાર વર્ષથી સિવિલ હોસ્પિટલમાંથી આપવામાં આવતા મેડિકલ સર્ટિફિકેટમાં વિસંગગતાને કારણે ૨૦૦થી વધુ સફાઈ કામદારોના રાજીનામા અટવાયેલા પડયા છે. અનેક સફાઈ કામદારો



અવસાન પામ્યા છે કે નિવૃત થયા છે તેમના વારસદારોને પણ નોકરીના હક્કમાંથી વંચિત રાખવામાં આવે છે.

સફાઇ કામદારોની તા. ૩૧ જૂલાઈ ૨૦૨૪ની રેલી બાદ તમામ પદાધિકારીઓ તથા અધિકારીઓની મળેલી મિટિંગમાં સફાઈ કામદારોની ભરતી અને રાજીનામામાંથી મેડિકલ સર્ટિફિકેટ રદ કરવાના મુદ્દા એક માસમાં પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી હતી. આથી આંદોલન સમેટી લેવાયું હતું. ત્યારબાદ ભરતી ફોર્મ બહાર પાડવામાં આવ્યા હતા જેમાં અનેક બેરોજગારોએ ફોર્મ ભર્યા હતા આમછતાં ભરતી કરવામાં આવી નથી. આવી જ રીતે રાજીનામામાંથી મેડિકલ સર્ટિફિકેટ રદ કરવા માટે તા. ૪ ઓક્ટોબર ૨૦૨૪ના ઠરાવ કરાયો હતો અને રાજ્ય સરકારને મોકલવાની શરત રાખવામાં આવતા તેનો વિરોધ કરાયો હતો. આમછતાં રાજ્ય સરકારને ઠરાવ મોકલાયો હતો જ્યાં નવ માસથી અનિર્ણિત છે.

આ મુદ્દે અવારનવારની રજુઆતો પછી કામદારોના પેન્ડિંગ રાજીનામાઓ અંગે મેડિકલ અભિપ્રાય માટે દર ગુરૂવારે ૩૦-૩૦ સફાઈ કામદારોને મોકલવામાં આવે છે. કામમાં રજા રાખીને જતાં સફાઈ કામદારોને સતત ધક્કા ખાવા પડે છે પણ, સર્ટિફિકેટ મળતા નથી. આવા સંજોગોમાં ફરીથી જનરલ બોર્ડમાં ઠરાવ કરીને અત્યારસુધીની તમામ અરજીઓને મેડિકલ સર્ટિફિકેટમાંથી મુક્તિ આપવાનો ઠરાવ ફરીથી કરવાની માગણી કરવામાં આવી છે. આવી જ રીતે, સફાઇ કામદારોની ભરતી મુદ્દે જનરલ બોર્ડમાં બે વખત ઠરાવ કરવા છતાં અને બે વાર ફોર્મ ભરાયા છતાં ભરતી કરાઈ નથી. આથી, ડ્રો કરીને ભરતી કરવાની માગણી પણ કરવામાં આવી છે. આ માટે પંદર દિવસમાં નિર્ણય લેવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી અપાઈ છે.